॥ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથાય નમઃ ॥

"અમૃત વચન"
અતિ જનસંસર્ગ સાધકને આત્મશાંતિથી દુર લઈ જાય છે.

# પદ્મ પ્રકાશ કુંજ

PRESS REGISTRAR GENERAL OF INDIA (PRGI)
Registration Number GJGUJ/25/A2764

Published Day : Wednesday
Price : 2 /-

Annual Subscription
Price : 100 /-

Mob : 9499797973 - Email : padmaprakashkunj@gmail.com - Year : 01, Issue: 31, Dt. 03/06/2026, Page : 8

Padm PrakashKunj (Weekly) - Editor, Publisher, Printer & Owner : Doshi Saurabh Pradipbhai , Place Of Publication : Office - 1, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 364515 - Dist : Amreli Gujarat, Printed At : Prakash Printers Office 2, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 3645154 Dist : Amreli Gujarat

# રજાઓ બાદ ફરી ગુંજશે... શાળાના પ્રાંગણ ખુલશે...







તંત્રી સ્થાનેથી... સૌરભ પી. દોશી
તંત્રી, પદ્મ પ્રકાશ કુંજ

ઉનાળાની લાંબી રજાઓ પૂર્ણ થતાં સમગ્ર ભારતમાં ફરી એકવાર શાળાઓના દરવાજા વિદ્યાર્થીઓ માટે ખુલશે.. લગભગ એકથી દોઢ મહિનાની રજાઓ બાદ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રજાઓ દરમિયાન બાળકો પોતાના પરિવાર સાથે પ્રવાસ, રમતો, વિવિધ તાલીમ વર્ગો અને અન્ય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહ્યા હતા. હવે ફરીથી નિયમિત અભ્યાસ, સમયસર શાળા જવાની ટેવ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનો આરંભ થશે. શાળાઓના પ્રાંગણમાં બાળકોના કલરવથી ફરી ચહલપહલ જોવા મળશે.

નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત સાથે વિદ્યાર્થીઓને નવા પુસ્તકો, નવી નોટબુકો અને કેટલાકને નવા વર્ગખંડો તેમજ નવા શિક્ષકો મળશે. પ્રથમ દિવસે ઘણા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ સાથે થોડું સંકોચ પણ જોવા મળશે, ખાસ કરીને પ્રથમ ધોરણમાં પ્રવેશ મેળવનારા નાનકડા બાળકોમાં શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓનું સ્વાગત કરવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. કેટલાક સ્થળોએ તિલક કરીને, ફૂલ આપી અથવા મીઠાઈ વહેંચીને બાળકોનું આવકાર કરવામાં આવશે. શિક્ષકોએ પણ વિદ્યાર્થીઓને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવશે અને નિયમિત અભ્યાસ માટે પ્રોત્સાહિત કરશે.વાલીઓ માટે પણ શાળાઓ શરૂ થવી મહત્વપૂર્ણ બાબત છે.

બાળકોના અભ્યાસ અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને તેઓ નવી આશાઓ અને અપેક્ષાઓ સાથે શૈક્ષણિક વર્ષની શરૂઆત કરી રહ્યા છે. શિક્ષણ માત્ર પરીક્ષાઓ સુધી મર્યાદિત નથી, પરંતુ બાળકોના સર્વાંગી વિકાસનું મહત્વપૂર્ણ સાધન છે.

નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત સાથે વિદ્યાર્થીઓએ નિયમિતતા, શિસ્ત અને મહેનતને જીવનનો ભાગ બનાવવો જરૂરી છે. સતત અભ્યાસ, શિક્ષકોનું માર્ગદર્શન અને વાલીઓનો સહયોગ વિદ્યાર્થીઓને સફળતાના માર્ગે આગળ વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.રજાઓ બાદ ફરી શરૂ થયેલી શાળાઓ માત્ર શિક્ષણનું કેન્દ્ર નથી, પરંતુ બાળકોના સપનાઓને સાકાર કરવાની દિશામાં એક નવી શરૂઆત છે. આશા રાખીએ કે આ શૈક્ષણિક વર્ષ દરેક વિદ્યાર્થી માટે જ્ઞાન, પ્રગતિ અને સફળતાથી ભરપૂર રહે.

## જિલ્લામાં જૂની મોટર સાયકલ, સ્કૂટર, જૂના થ્રી વ્હીલ, ફોર વ્હીલ વાહનો વેચનાર કે ખરીદનારે નિયત નમુનામાં રજિસ્ટર નિભાવવું

અમરેલી તા. ૦૨ જુન, ૨૦૨૬ (મંગળવાર),

સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને ધ્યાને લઈને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લામાં લાગુ પડશે. કોઈપણ જૂની મોટરસાયકલ, સ્કુટર, કે જૂના થ્રી વ્હીલ, ફોર વ્હીલ વાહનો વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ કોલમ વાઈઝ વેચનારનું નામ,સરનામું અને વેચવાનું કારણ, ખરીદનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર, ખરીદનારનું આઈ.ડી.પ્રૂફ તથા રેસીડન્ટ પ્રૂફની વિગત, જૂનું ખરીદવાનું કે ખરીદ્યુ તેની કારણ અને તારીખ, એન્જિન-ચેસીસ નંબર, મોડલ નંબર, રજિસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવા સહિતનું નિયત નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે. રજિસ્ટર નિભાવવા ઉપરાંત જૂની મોટર સાયકલ, સ્કુટર, કે જૂના થ્રી વ્હીલ, ફોર વ્હીલ વાહનો ખરીદનારને અવસ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત પોતાના કબ્જામાં રાખવી. જૂની મોટરસાયકલ, સ્કુટર, કે જૂના થ્રી વ્હીલ, ફોર વ્હીલ વેચનારા વેપારી અથવા આ અંગેની દુકાનો ધરાવનાર માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જૂની મોટર સાયકલ સ્કુટર કે જૂના થ્રી વ્હીલ,ફોર વ્હીલ વાહનોનું વેચાણ કરે ત્યારે જૂની મોટર સાયકલ, સ્કુટર, કે જુના થ્રી વ્હીલ, ફોર વ્હીલ ખરીદ કરનાર ગ્રાહકનું ઓળખકાર્ડ પુરાવા પૈકી એક પુરાવો ગ્રાહક પાસેથી મેળવવાનો રહેશે. આ હુકમ તા.૨૪.૦૭.૨૦૨૬ સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ની જોગવાઈઓ અન્વયે કાર્યવાહી થશે.

## અમરેલી જિલ્લામાં ઉંદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ/ગ્લુ બોર્ડ)ના ઉત્પાદન, વેચાણ તેમજ તેના ઉપયોગ પર પ્રતિબંધ

અમરેલી તા. ૦૨ જુન,૨૦૨૬ (મંગળવાર) અમરેલી જિલ્લામાં ઉંદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ/ગ્લુ બોર્ડ)ના ઉત્પાદન, વેચાણ તેમજ તેના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અમરેલી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ઉંદર પકડવાની જાળ(ગ્લુ ટ્રેપ) જેને ગ્લુ બોર્ડ અથવા સ્ટીકી સ્ટ્રીપ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેનો ઉપયોગ ઉંદરોને પકડવા માટે થાય છે. આ જાહેરનામું તા. ૨૪.૦૭.૨૦૨૬ સુધી અમલમાં રહેશે. જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૨૨૩ અન્વયે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# અમરેલી જિલ્લા પંચાયતને નવા પ્રમુખ તરીકે દક્ષાબેન ચોડવડિયાને ભારતીય જનતા પાર્ટી દ્વારા જવાબદારી સોંપવામાં આવી





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા તાલુકાના જીરા ગામના રહેવાસી દક્ષાબેન ચોડવડિયાએ સરપંચ પદે સફર પૂર્ણ કરી છે જિલ્લા પંચાયતના પ્રમુખની નોંધપાત્ર સફર શરૂ કરી છે દક્ષાબેન જીરા ગામના સરપંચ પદે રહી ને ગામના વિકાસના મુદ્દાઓ હોય કે ખનીજ માફિયાઓ સામેનો અવાજ ઉઠાવતા રહ્યા છે જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળતા પહેલા તેમણે પોતાના વતન જીરા ગામમાં મંદિરોમાં દર્શન કરી વડીલોના આશીર્વાદ લીધા હતા. ત્યારબાદ શાસ્ત્રોક્ત વિધિ સાથે તેમણે જિલ્લા પંચાયતનો કાર્યભાર સંભાળ્યો છે.

સાવરકુંડલા તાલુકાના જીરા ગામના દક્ષાબેન ચોડવડિયા હવે અમરેલી જિલ્લા પંચાયતના નવા પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારથી શરૂ થયેલી તેમની રાજકીય સફર આજે જિલ્લાના સર્વોચ્ચ પંચાયતી પદ સુધી પહોંચી છે જીરા ગામના સરપંચ તરીકેની જવાબદારી દરમિયાન દક્ષાબેને ગામના વિકાસ માટે અનેક મહત્વપૂર્ણ કામગીરી કરી હતી ગામમાંથી પસાર થતી શેત્રુંજી નદીમાં ખનીજ માફિયાઓ દ્વારા થતા ગેરકાયદે ખનન સામે તેમણે સતત અવાજ ઉઠાવ્યો હતો સાથે જ ગામની અંદાજિત 600 વિઘા ગૌચર જમીન પરથી ગેરકાયદેસર દબાણો દૂર કરાવી પશુધન માટે ગૌચર જમીન ખુલ્લી કરાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી.

ગામમાં રસ્તા, સુવિધાઓ અને અન્ય વિકાસના કાર્યો થકી જીરા ગામની ઓળખ અને રોનકમાં વધારો કર્યો છે જિલ્લા પંચાયતનો ચાર્જ સંભાળતા પહેલા દક્ષાબેને પોતાના ગામના રામજી મંદિર હવેલી તેમજ મહાદેવ મંદિરે દર્શન કરી વડીલોના આશીર્વાદ મેળવ્યા હતા જિલ્લા પંચાયત કચેરી ખાતે પહોંચતા પહેલા પગથિયાંને નમન કરી અને ભૂદેવોના શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર વચ્ચે તેમણે વિધિવત રીતે કાર્યભાર સંભાળ્યો હતો પ્રમુખ પદનો ચાર્જ સંભાળ્યા બાદ દક્ષાબેને અધિકારીઓ સાથે બેઠક યોજવાના છે અને ત્યારબાદ ચૂંટાયેલા સભ્યો મિટિંગ યોજવાના છે.ગ્રામ્ય વિસ્તારની સમસ્યાઓથી સારી રીતે પરિચિત દક્ષાબેન ચોડવડિયાએ લોકોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ અને ગામડાઓમાં વિકાસના કામોને વધુ ગતિ આપવા માટે પ્રયાસ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

જિલ્લા પંચાયત કચેરી ખાતે પ્રમુખશ્રીએ ચાર સંભાર્યો ત્યારે જિલ્લા પંચાયતના કર્મચારીઓ જિલ્લા પંચાયતના સભ્યો ભાજપના અગ્રણીઓ સહિતના અનેક મહાનુભાવો એ દક્ષાબેન ને અભિનંદન પાઠવા હતા.

શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદીર સંચાલિત

# શ્રી એમ.એલ. શેઠ ઇંગ્લીશ મિડીયમ સ્કુલ
# શ્રીમતી આઇ.પી. શાહ પ્રાયમરી સ્કુલ (ગુજરાતી માધ્યમ)

મહુવારોડ, વ્યાયામ મંદીર કેમ્પસ, સાવરકુંડલા. મો. ૭૦૮૧૦ ૭૦૭૭૦

: શૈક્ષણિક કાર્યક્ષેત્ર :
પ્લેહાઉસ - જુનીયર કેજી/સીનીયર કેજી તથા
ધો. ૧ થી ૮ અંગ્રેજી માધ્યમ/ ગુજરાતી માધ્યમ

## પ્રવેશ કાર્ય શરૂ છે..

આધુનિક ટેકનોલોજી સાથે અનોખુ શિક્ષણ
આપતી સાવરકુંડલાની એકમાત્ર શાળા

## શાળાની વિશેષતાઓ



- No ટ્યુશન કોન્સેપ્ટ... નબળા વિદ્યાર્થીઓ માટે વધારાની તાલીમ શાળા દ્વારા આપવામાં આવશે.
- No પ્રકાશન... (ધો. 6 થી 9, 11 માં ફક્ત પાઠ્ય પુસ્તક જ) જેથી વાલીઓના ખર્ચમાં ઘટાડો થશે.
- હોમવર્ક શાળા માં જ... (શિક્ષકશ્રી દ્વારા શાળામાં જ હોમવર્ક અને ઘરે આવ્યા બાદ ફક્ત વાંચન કરતું બાળક)
- સંસ્કાર સિંચનના કાર્યક્રમો માટે સતત સેમિનારો (વાલીશ્રી / વિદ્યાર્થી માટે)
- તમામ વર્ગખંડો ટેકનોલોજી સભર સ્માર્ટ બોર્ડથી સજ્જ.
- તમામ રમત-ગમતને પણ એટલું જ પ્રાધાન્ય.
- દુનિયામાં ધુમ મચાવી રહેલ રોબોટીક્સ લેબનો આવિષ્કાર આપણી શાળામાં જ બાળકો જાતે ડ્રોન બનાવશે. જાતે ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ બનાવશે.
- ધો. 6 થી 12 ફૂલ ડે સ્કૂલ
- દર મહિને બાળકોને સાવરકુંડલાના અલગ-અલગ સ્થળોની મુલાકાત.
- વિદ્યાર્થીની માટે બ્યુટી પાર્લર, મહેંદી કલાસ અને રસોઇ રેસીપી જેવી સ્કીલ આપતા કોર્ષની ફ્રી તાલીમ
- વિદ્યાર્થી માટે રીપેરીંગ કોર્ષ, વાણીજ્ય તાલીમની સુવિધા
- ધોરણ 9 માં વિદ્યાર્થી અને વિદ્યાર્થીની માટે અલગ અલગ વર્ગ ખંડો
- સૌથી ઓછી ફી



## પ્લે હાઉસ અને સોનલ બાલભવન વિભાગ

તત્પર છે.. આપના બાળકની આંગળી પકડી, ઉજ્જવળ ભવિષ્યનાં સપના સાકાર કરાવવા.

### માઈન્ડ ડેવલોપમેન્ટ

* સાયન્ટિફીક રમકડા
* પઝલ ગેઈમ્સ
* ડ્રાફ્ટ્સ
* કલે
* સામાન્ય જ્ઞાન

### બાળકને ફીટ અને સ્માર્ટ બનાવતી પ્રવૃત્તિઓ

યોગા * મ્યુઝીકલ રૂમ * સેન્ડરૂમ - માટીરૂમ * જમ્પીંગ
ડે ફેસ્ટીવલ * ફીઝીકલ ફીટનેસ વધારતા રમકડા

### હેલ્થ અને સેફટી

R.O. વોટર પ્લાન્ટ * વોચમેન * ફર્સ્ટ એડ કીટ
A.C. સુવિધા * માતાતુલ્ય સ્ટાફ

## પ્રવેશ કાર્ય શરૂ

| | | |
|---|---|---|
| ધો. ૭-૧૦<br>ગુજરાતી/અંગ્રેજી<br>માધ્યમ | ધો. 11-12<br>(કોમર્સ)<br>ગુજરાતી/અંગ્રેજી<br>માધ્યમ | ધો. 11-12<br>(સાયન્સ)<br>ગુજરાતી/અંગ્રેજી<br>માધ્યમ |

પ્રવિણભાઇ પારેખ (પ્રમુખ)
દિપકભાઇ શેઠ (ઉપપ્રમુખ)
વિનુભાઇ રાવળ (મેને. ટ્રસ્ટી)
પરેશભાઇ જોષી (કેમ્પસ ડિરેકટર)

# સત્તાના શિખરથી જનતાના રોષ સુધી બંગાળમાં બદલાતી રાજકીય હવા

રાજકારણ એક એવો અરીસો છે, જેમાં દરેક સત્તાધારી પક્ષે સમયાંતરે પોતાનું પ્રતિબિંબ જોવું પડે છે. પશ્ચિમ બંગાળનું વર્તમાન રાજકીય ચિત્ર કઈંક આવી જ વાસ્તવિકતા રજૂ કરી રહ્યું છે. જે અભિષેક બેનર્જી, જેમને તૃણમૂલ કોંગ્રેસ (TMC) માં મમતા બેનર્જી પછીના સૌથી શક્તિશાળી નેતા અને પક્ષના 'ભવિષ્ય' તરીકે જોવામાં આવતા હતા, તેમની પર થયેલો તાજેતરનો હુમલો એ માત્ર એક ઘટના નથી, પરંતુ બંગાળની બદલાતી મનોદશાનો સંકેત છે. એક સમયે જેમના એક ઈશારે આખું રાજ્ય થંભી જતું હતું, આજે તે જ નેતૃત્વ જનતાના આક્રોશનો સામનો કરી રહ્યું છે.

**સત્તાનો નશો અને જમીની વાસ્તવિકતા**

કોઈપણ પક્ષ જ્યારે લાંબા સમય સુધી સત્તામાં રહે છે, ત્યારે ઘણીવાર તે જમીની હકીકતોથી દૂર થઈ જાય છે. ટીએમસી માટે પણ છેલ્લા કેટલાક વર્ષોમાં એવું જ જોવા મળ્યું છે. ચૂંટણી જીતવી એ લોકશાહીમાં સફળતાની નિશાની છે, પરંતુ સત્તા મળ્યા પછી અભિમાન અને અહંકારનો પ્રવેશ થવો એ પતનનું પ્રથમ પગથિયું છે. બંગાળમાં કાયદો અને વ્યવસ્થા, ભ્રષ્ટાચારના આક્ષેપો અને પક્ષના કાર્યકરો દ્વારા કરાતી દાદાગીરીએ સામાન્ય માણસના મનમાં ઊંડો રોષ પેદા કર્યો છે.

ઉમાશંકર જોશીની અમર પંક્તિઓ "ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરની ભસ્મકણી મલાડશે" આજે બંગાળની શેરીઓમાં સાચી પડતી દેખાય છે. જ્યારે સામાન્ય નાગરિકના મૂળભૂત અધિકારોનું હનન થાય, જ્યારે ભયનું વાતાવરણ ઊભું કરવામાં આવે, ત્યારે તે દબાયેલી લાગણીઓ એક દિવસ જ્વાળામુખી બનીને ફાટે છે. અભિષેક બેનર્જી પર થયેલો હુમલો એ જ જનતાના ઉભરાયેલા ગુસ્સાનું પ્રતીક છે.

**શું આ માત્ર એક રાજકીય ઘટના છે?**

ઘણા વિશ્લેષકો આને રાજકીય પ્રતિદ્વંદિતા તરીકે જોઈ રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા આથી કંઈક વધુ ઊંડી છે. આ ઘટના બતાવે છે કે જનતા હવે મૂક પ્રેક્ષક બનીને રહેવા માંગતી નથી. એક સમયે જે નેતાઓ લોકો પર ધાક જમાવતા હતા, આજે તે નેતાઓ સુરક્ષા કવચ હોવા છતાં સુરક્ષિત અનુભવતા નથી. આ ઘટના એ વાતનો પુરાવો છે કે લોકશાહીમાં સત્તા હંમેશા જનતાના હાથમાં જ રહે છે, પછી ભલે તે થોડા સમય માટે ભ્રમિત થઈ જાય.



નાવલી લાઈવ

લેખક-મહેન્દ્ર બગડા

સત્તા જતા જ ટીએમસીના 'ખરાબ દિવસો'ની શરૂઆત થઈ છે, એવું કહેવા કરતાં એવું કહેવું વધુ યોગ્ય રહેશે કે હવે 'જવાબદારીનો સમય' આવ્યો છે. જ્યારે સત્તાનો ઉપયોગ પ્રજાના કલ્યાણ માટે નહીં પણ સત્તા ટકાવી રાખવા માટે થવા લાગે, ત્યારે જનતાનો સહનશક્તિનો પારો નીચે ઉતરી જાય છે.

**ભવિષ્યના સંકેતો**

બંગાળની પ્રજાએ હંમેશા રાજકીય જાગૃતિ દાખવી છે. ઈતિહાસ ગવાહ છે કે બંગાળે હંમેશા સત્તા પરિવર્તનમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. અભિષેક બેનર્જી અને ટીએમસી માટે હવે આત્મમંથનનો સમય છે. જો તેઓ હજુ પણ ગ્રાઉન્ડ લેવલની નારાજગીને નહીં સમજે, તો આગામી સમયમાં તેમના માટે રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવું મુશ્કેલ બની જશે.

જનતા જ્યારે રસ્તા પર ઉતરે છે ત્યારે તે કોઈ પક્ષના ઝંડાને નથી જોતી, તે પોતાની વેદના અને પીડાને જોતી હોય છે. ગુંડાગીરી અને ડરના માહોલથી બનેલી સત્તા કાયમ ટકતી નથી. સાચી સત્તા એ છે જે જનતાના પ્રેમ અને વિશ્વાસથી મળે છે, ન કે બળજબરીથી.

**નિષ્કર્ષ**

આ ઘટના એવા તમામ રાજકીય પક્ષો માટે એક ચેતવણી છે જેઓ માને છે કે તેઓ જનતાથી ઉપર છે. રાજનીતિમાં 'સ્થાયી' કંઈ જ નથી. આજે જે સત્તામાં છે, તે આવતીકાલે વિરોધ પક્ષમાં હોઈ શકે છે. બંગાળની પ્રજા હવે જાગૃત થઈ છે, અને આ જાગૃતિ લોકશાહી માટે સુખદ સંકેત છે. ટીએમસીના નેતાઓએ હવે સમજવું પડશે કે પ્રજાને અતિશય પ્રત્યાડવામાં આવે ત્યારે તેનું પરિણામ શું આવે છે.

આગામી દિવસોમાં બંગાળના રાજકારણમાં મોટા પલટા આવવાની શક્યતા છે. જો ટીએમસી પોતાની કાર્યશૈલીમાં સુધારો નહીં કરે, તો આ ઘટના માત્ર એક શરૂઆત સાબિત થઈ શકે છે. લોકશાહીમાં 'જનતા જનાર્દન' છે, અને જ્યારે આ જનાર્દન રોષે ભરાય છે ત્યારે મોટા-મોટા સામ્રાજ્યો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ જાય છે.

નોંધ- લેખક પ્રસિધ્ધ ટીવી જર્નાલીસ્ટ અને ટીવી પર આવતા ભાઈ ભાઈ અને બોલ બચ્ચન શોના એન્કર...અને હાલ ટીવી 13 ગુજરાતી પર આવતા શો ગજબ હો અને માઈન્ડ વર્સીસ મશિન વિથ મહેન્દ્ર બગડાના એન્કર છે...

પ્રતિભાવ માટે --9909941536

# બૃહસ્પતિ ની બલિહારી

આકાશ મંડળ માં હાલ માં બે ગૃહો (સ્લાઈટ યેલો ગુરુ અને એકદમ સફેદ તેજસ્વી શુક્ર) પશ્ચિમ દિશા માં સાંજે 07/30 થી રાત્રે 08/30 સુધી પ્રત્યક્ષ દર્શન આપે છે.આકાશ દર્શન ના શોખીનો અને પ્રત્યક્ષ દર્શન કરવા માટે આ સમયે પશ્ચિમ દિશા માં દ્રષ્ટિ કરવા જેવી છે.આ ગુરુ બૃહસ્પતિ ગઈ રાત્રે (02/06/2026) વહેલી સવારે ( મિડલ નાઈટ) 01/54 કલાક થી પોતાની ઉચ્ચ રાશી કર્ક રાશી (4 નંબર ની રાશી) માં પ્રવેશેલો છે.આ ગુરુ બૃહસ્પતિ તેની આગળ નાના ટપકા જેવા દેખાતા બે તારાઓ કે જે પુષ્ય નક્ષત્ર ના છે તેમાં આગામી તારીખ 18/06/2026 થી પહોંચશે.આ તારાઓ ના ઝુમખા ઓ ને આપણા ઋષિ મુનિઓ એ નક્ષત્રો ના સ્વરૂપ અને નામ આપ્યા છે.સામાન્ય રીતે ગુરુ એક રાશી માં એક વર્ષ અને અઢાર થી ઓગણત્રીસ દિવસ એટલે કે તેર મહિના આસપાસ રહે છે. જયારે આ વખતે તેની વિશેષતા એ છે કે તે ફક્ત તારીખ 02/06/2026 થી શરૂ કરી 31/10/2026 સુધી જ અંદાજે 159 દિવસ જ કર્ક રાશિમાં રહી ને સિંહ રાશી માં પ્રવેશ કરશે.ત્યારે પણ મઘા નક્ષત્ર ના બે તારાઓ ની પાસે થી પસાર થશે.આ સત્તત કાયમી અવલોકન ના અંતે ગ્રહો ને ફરતા જોવા નો લહાવો પણ લેવા જેવો હોય છે.તો આ જ ગુરુ ફરી સૂર્ય ની નજીક જવાથી વક્રી બની ને કર્ક રાશી આગામી તારીખ 24/01/2027 ના દિવસ થી રિટર્ન આવે છે.જે કોઈ વ્યક્તિ ની રાશી માં જન્મ નો ગુરુ વક્રી હશે. તેવો ને આ વક્રી ગુરુ 24/01/2027 થી શુભ લાભદાયક પરિણામો પ્રાપ્ત કરાવશે.જન્મ કુંડળી નો ગુરુ જો સ્વગૃહી (ધન(૯) કે મીન(૧૨) રાશિમાં કે કર્ક(૪) રાશિમાં હશે તેઓ ને શુભફળ દાતા અવશ્ય બનશે જ.તો હાલ નું ગુરુ નું 02/06/2026 થી 31/10/2026 સુધી નું પોતાની ઉચ્ચ રાશી કર્ક(૪) નું ભાવફળ દરેક રાશી વાર કેવું રહેશે તે જોઈએ.

**(1) મેષ રાશી (અ, લ, ઈ) :** આ રાશી ના વ્યક્તિ ઓ માટે વાહન,મકાન,જમીન અને વાહન નું સુખ પ્રાપ્ત થાય.માતા ના સ્વાસ્થ્ય માં સુધારો જોવા મળે.ગૃહસ્થ જીવન માં આનંદ પ્રમોદ નું વાતાવરણ જોવા મળે.વિદેશયાત્રા માં વિઝા ના અટકેલા કાર્યો થાય.આકસ્મિક લાભ મળે.રાજ્ય તરફ થી સન્માન ની પ્રાપ્તિ થાય.

**(2) વૃષભ રાશી (બ, વ, ઉ) :** પોતાના જન્મ ચંદ્ર થી ત્રીજે પસાર થતો ગુરુ ઊર્જાવાન,તેજસ્વીતા માં વધારો કરે.ભાઈ બહેનો થી સાથ સહકાર આપે પરાક્રમ અને સાહસ માં વધારો કરનાર બનાવે.વેવિશાળ ઉત્સુક વ્યક્તિ માટે આ સમય જીવનસાથી ની શોધ પૂરી કરનાર બનાવે,વ્યવસાય ધંધા માં આવક વૃધ્ધિ અને લાભ આપનારો બને.

**(3) મિથુન રાશી (ક, છ, ઘ) :** કુટુંબ પરિવાર અને ધન ની વૃધ્ધિ કરનાર સમય પૂરવાર થાય.પરિવાર માં નાના બાળક ના જન્મ થી પરિવાર સુખ આપે.કોઈ જુના રોગ સામે રક્ષણ આપી આરોગ્ય સુધારો થાય.કોર્ટ કચેરીના કે લાંબા સમય થી પડતર પડેલા પ્રશ્નો હલ થાય.ઊર્જાવાન સમય નો અનુભવ પ્રાપ્ત થાય.

**(4) કર્ક રાશી (ડ, હ) :** પોતાના જન્મ ના ચંદ્ર ઉપર થી પસાર થતો ગુરુ માન સન્માન અને યશ ની પ્રાપ્તિ આપે.હદય માં શાંતિ અને ઉદારતા નો અનુભવ થાય. દેહ માં નિરોગીપણું અનુભવાય.શરીર ની ક્રાંતિ માં વધારો થાય.સંતાનો તરફ થી શુભ સમાચારો આવે.વ્યવસાય અને નોકરી માં બઢતી ના યોગો જોવા મળે.ભાગ્યોદય નો અનુભવ થાય.

**(5) સિંહ રાશી (મ, ટ) :** બારમે પસાર થતો ગુરુ ખૂબ સારા સત્ કાર્યો ધર્મ કાર્યો કરાવે.યાત્રા પ્રવાસ ના યોગો ઊભા થાય.આપનું ધન સત્ કાર્ય ધર્મ કાર્ય માં વપરાય.બહાર ના લોકો તરફ થી સાથ સહકાર ની પ્રાપ્તિ થાય.ગૃહસ્થ જીવન માં સુખ શાંતિ નો અનુભવ થાય.મોસાળ તરફ થી લાભ મળે. અણ ઉકેલ કાર્યો પૂર્ણ થાય.

**(6) કન્યા રાશી( પ,ઠ, ણ) :** લાભ સ્થાને થી પસાર થતો ગુરુ આવક માં વૃધ્ધિ આપે,દૈનિક આવક માં વધારો થાય.મોટા ભાઈ તરફ થી સહકાર મળે.સાહસ ની વૃધ્ધિ થતા વ્યાપાર ધંધા નોકરી માં બઢતી મળે.નવા વ્યવસાય નો વિકાસ શક્ય બને.વિદ્યા અભ્યાસ માં વિદ્યાર્થી ઓ ને ધાર્યું પરિણામ આપનાર બને.ભાગીદારો તરફ થી સહકાર પ્રાપ્ત થાય.

**(7) તુલા રાશી (ર ,ત) :** પિતા તરફ થી સાથ સહકાર અને સફળતા માટે પ્રોત્સાહન પ્રાપ્ત થાય.નોકરી માં ઈન્ટરવ્યુ માં સફળતા મળે.નવી નોકરી ની પ્રાપ્તિ આપે.પરિવાર તરફ થી સારા સમાચાર અને ધન ની મદદ મળે.વાહન મકાન ની ખરીદી ના યોગો ઊભા થાય.ગમે તેવા શત્રુઓ શાંત થઈ ને વ્યવહાર કરે.કોર્ટ કચેરી નો ફેસલો આપણી તરફેણ માં આવે.

**(8) વૃચ્છિક રાશી ( ન, ય) :** આપ આપના ભાગ્યોદય ના ઉદય નો અનુભવ કરી શકો તેવો સમય પ્રાપ્ત થયો છે.ધર્મ ધ્યાન યોગ ની પ્રવૃતિ વધે.આજ સુધી ના અટકેલા કાર્યો ને વેગ મળે અને પૂર્ણ થાય.ઘરે ધાર્મિક કાર્યો નું આયોજન થાય.દેહ નિરોગી બને અને સ્ફૂર્તિ વાન શરીર નો અનુભવ કરો. આપની જીવન શૈલી માં બદલાવ જોવા મળે.પરિવાર ના સત્ કાર્ય માં સન્માન મળે.હદય ની ઉદારતા વધે.

**(9) ધન રાશી (ભ, ધ, ફ, ઢ) :** આઠમો ગુરુ આકસ્મિક લાભો આપનારો બને,આયુષ્ય અને આરોગ્ય માં સુખાકારી નો અનુભવ પ્રાપ્ત થાય.વિદેશ યાત્રા ની ઈચ્છા વાળાઓ ને વિદેશ યાત્રા નો લાભ થાય.ધન વૃદ્ધિ અને પરિવાર સુખ ની પ્રાપ્તિ નો અનુભવ કરાવે.વાહન મકાન ની ખરીદી માં ધન વપરાય.માતા તરફ થી લાભ મળે.જમીન મકાન ના અટકેલા કાર્યો આગળ વધે.

**(10) મકર રાશી (ખ, જ) :** જીવન સાથી તરફથી સાથ સહકાર ની વૃધ્ધિ થાય.વેપાર ધંધા ના કાર્યો માં લાભ મળે. ભાગીદારી ની અડચણો દૂર થાય.ધન ની બચત નો અનુભવ કરી શકો.સ્વાસ્થ્ય માં સુધારો જોવા મળે.વિવાહ ઉત્સુક વ્યક્તિ ને જીવનસાથી ની શોધ પુરી થાય.પોતાના સ્વ સાહસ થી વેપાર માં વધારો કરી શકો.નવા નવા વ્યવસાય માં સ્થિરતા નો અનુભવ થાય.

**(11) કુંભ રાશી (ગ, શ, સ) :** છઠ્ઠા ભાવે થી પસાર થતો ગુરુ આપને કોર્ટ કચેરી ના ચક્કરો માં થી છુટકારો અપાવશે.કોઈની સાથે ના અણબનાવ માં શાંતિ અને સમાધાન આપે.નોકરી ની ઈચ્છા વાળા ને નોકરી ની શોધ પુરી કરી પોતાની યોગ્યતા મુજબ નોકરી આપી સેટ કરી આપે.ધાર્મિક યાત્રા પ્રવાસ નું આયોજન સફળ રહે.વેપાર ધંધા અને વહેવાર માં સાનુકૂળ સમય નો અનુભવ થાય.

**(12) મીન રાશી (દ, ચ, ઝ, થ) :** વિદ્યાર્થી વર્ગ ને પરીક્ષા માં ખૂબ સારી સફળતા નો સમય છે. આપની ઉતમ મહેનત નું ખૂબ સારું પરિણામ મળે.સંતાન પ્રાપ્તિ ના ઈચ્છુક દંપતીઓ ને ગુડ ન્યૂઝ આપે,સંતાનો ની વૃધ્ધિ થાય.ભાગ્યોદય ના અનુભવ સાથે ધર્મ કાર્યો માં આપનો શુભ સમય વ્યતિત થાય.દૈનિક આવક અને લાભ માં વધારો જોવા મળે. માન સન્માન અને યશ પ્રતિષ્ઠા ની પ્રાપ્તિ થાય.દરેક કાર્યો માં સફળતા નો અનુભવ કરી શકો.પ્રેમી પંખીડા ના વિવાહ યોગો શક્ય બને.આ સંપૂર્ણ ભાવફલ જન્મ રાશી ના ચંદ્ર ના આધારે પ્રસ્તુત કરેલ છે.જન્મ નો બળવાન ગુરુ ઉતમ તક આપશે જ.

શુભમ ભવતુ



**શાસ્ત્રી શ્રી ઘનશ્યામભાઈ ત્રિવેદી**

MA (સંસ્કૃત) MA (એસ્ટ્રોલોજી)

(શ્રીમદ ભાગવત કર્મકાંડ અને જ્યોતિષાચાર્ય માર્ગદર્શક) (વૈદિક સત્ કાર્ય ના સંવાહક)

મો.94264 84288, મો. 63536 03800

સાવરકુંડલા/ભાવનગર/બરોડા.

# લેબરકોર્ટમાં કઈ રીતે કેસ દાખલ કરી શકાય ???

કાયદાની કલમે...

નિલેશભાઈ એન. ચૌહાણ

એડ્વોકેટ, ગુજરાત હાઈકોર્ટ (M.Com, LL.B.)

વાંચક મિત્રો,

આગળના લેખમાં આપણે શ્રમિકોના અધિકાર વિશે જાણ્યું,આજે આપણે શ્રમિક કઈ રીતે પોતાનો કેસ લેબરકોર્ટમાં દાખલ કરી શકે તે જાણીશું.

ભારતમાં શ્રમિકો અને માલિકો (Management) વચ્ચેના વિવાદોના ઝડપી અને ન્યાયી નિકાલ માટે *લેબર કોર્ટ (Labour Court) અથવા ઈન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલ*માં કેસ દાખલ કરવામાં આવે છે. જો કોઈ કર્મચારીને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો હોય કે તેનો પગાર/ગ્રેચ્યુઈટી અટકાવી રાખવામાં આવી હોય, તો તે નીચે મુજબની સંપૂર્ણ કાનૂની પ્રક્રિયા દ્વારા કેસ દાખલ કરી શકે છે.લેબર કોર્ટમાં કેસ દાખલ કરવાની પ્રક્રિયા મુખ્યત્વે ૨ ભાગમાં વહેંચાયેલી છે.

*ભાગ ૧ - કોર્ટ બહારની પ્રક્રિયા (પ્રાથમિક તબક્કો - ફરજિયાત) - ઔદ્યોગિક વિવાદ અધિનિયમ (Industrial Disputes Act) મુજબ, શ્રમિક સીધો લેબર કોર્ટમાં કેસ દાખલ કરી શકતો નથી (સિવાય કે કલમ 2A હેઠળનો વ્યક્તિગત છટણીનો કેસ હોય, જેમાં અમુક શરતો લાગુ પડે છે). સામાન્ય રીતે નીચે મુજબની પ્રક્રિયા કરવી પડે છે. *૧. ડિમાન્ડ નોટિસ (Demand Notice)- સૌથી પહેલાં શ્રમિકે (અથવા તેના વકીલ/યુનિયન મારફતે) માલિકને એક લેખિત નોટિસ મોકલવી પડે છે, જેને 'ડિમાન્ડ નોટિસ' કહે છે. * આ નોટિસમાં પોતાની માંગણી (જેમ કે- બાકી પગાર ચૂકવો અથવા નોકરી પર પાછા લો) પૂરી કરવા માટે ૧૫ દિવસનો સમય આપવામાં આવે છે. *૨. લેબર કમિશનર સમક્ષ અરજી (Approach to Labour Commissioner)- જો માલિક નોટિસનો જવાબ ન આપે અથવા માંગણી ન સ્વીકારે, તો શ્રમિકે સંબંધિત વિસ્તારના સરકારી *શ્રમ અધિકારી (Labour Commissioner / Conciliation Officer)* સમક્ષ લેખિત ફરિયાદ (અરજી) કરવી પડે છે. *૩. સમાધાનની પ્રક્રિયા (Conciliation Proceedings)- શ્રમ અધિકારી માલિક અને શ્રમિક બંનેને સામસામે બેસાડીને સમાધાન કરાવવાનો પ્રયત્ન કરે છે.જો સમાધાન ન થાય (Failure of Conciliation)* તો શ્રમ અધિકારી એક સત્તાવાર અહેવાલ તૈયાર કરે છે, જેને 'ફેલ્યોર રિપોર્ટ' (Failure Report)* કહેવાય છે. આ રિપોર્ટ સરકારના શ્રમ વિભાગને મોકલવામાં આવે છે. *૪. કેસ લેબર કોર્ટમાં રેફર થવો (Reference)- સરકાર આ અહેવાલના આધારે કેસને ન્યાયિક નિર્ણય માટે સત્તાવાર રીતે લેબર કોર્ટમાં મોકલે છે, જેને કાયદાની ભાષામાં 'રેફરન્સ' (Reference)* મળ્યો કહેવાય છે. આ રેફરન્સ લેટર મળ્યા પછી જ લેબર કોર્ટમાં અસલી કેસ શરૂ થાય છે. (નોંધ જો વ્યક્તિગત છટણીનો કેસ હોય, તો શ્રમ અધિકારી સમક્ષ અરજી કર્યાના ૪૫ દિવસ પૂરા થયા બાદ શ્રમિક સીધો પણ લેબર કોર્ટમાં જઈ શકે છે).

*ભાગ ૨ - લેબર કોર્ટમાં કેસ દાખલ કરવાની અને ચલાવવાની પ્રક્રિયા*એકવાર રેફરન્સ કોર્ટમાં આવી જાય અથવા સીધી અરજી કરવાની પાત્રતા હોય, ત્યારે નીચે મુજબના કાનૂની તબક્કા શરૂ થાય છે.

*૫. સ્ટેટમેન્ટ ઓફ ક્લેમ દાખલ કરવો (Filing of Statement of Claim)- શ્રમિકે અથવા તેના વકીલે કોર્ટમાં પોતાનો મુખ્ય દાવો (દાખલા તરીકે- અપીલ અથવા અરજી) લેખિતમાં રજૂ કરવો પડે છે. આ દાવામાં શ્રમિકે કંપનીમાં કેટલા વર્ષ કામ કર્યું, તેનો છેલ્લો પગાર કેટલો હતો અને માલિકે તેની સાથે કયો અન્યાય કર્યો તેની વિગતવાર હકીકતો લખવાની હોય છે.

*૬. કોર્ટ સમન્સ (Court Summons)- શ્રમિકનો દાવો રજીસ્ટર થયા પછી લેબર કોર્ટ સામેવાળા માલિક/કંપનીને સત્તાવાર સમન્સ (નોટિસ) મોકલે છે અને તેમને કોર્ટમાં હાજર થવા આદેશ કરે છે.

*૭. માલિકનો લેખિત જવાબ (Written Statement)- સમન્સ મળ્યા બાદ માલિક અથવા તેમના વકીલ કોર્ટમાં હાજર થઈને શ્રમિકના દાવા વિરુદ્ધ પોતાનો લેખિત જવાબ (બચાવના મુદ્દા) રજૂ કરે છે. *૮. વિવાદના મુદ્દા નક્કી કરવા (Framing of Issues)- બંને પક્ષોના લખાણના આધારે નામદાર જજ સાહેબ નક્કી કરે છે કે ખરેખર વિવાદ કઈ બાબત પર છે (દા.ત. શ્રમિક ખરેખર કાયદેસરનો કર્મચારી હતો કે નહીં? શું તેની છટણી ગેરકાયદેસર છે?).

*૯. પુરાવા અને ઉલટતપાસ (Evidence & Cross-Examination)- શ્રમિક પક્ષની જુબાની- સૌપ્રથમ શ્રમિક પોતે પિંજરામાં ઊભા રહીને પોતાની જુબાની (Chief Examination) આપે છે અને પોતાના ઓળખપત્ર, પગાર સ્લિપ, કે હાજરી પત્રક જેવા પુરાવા રજૂ કરે છે. માલિકના વકીલ તેની ઉલટતપાસ (Cross-Examination) કરે છે. *માલિક પક્ષની જુબાની ત્યારબાદ માલિક પક્ષ પોતાના સાક્ષીઓ અને કંપનીના રેકોર્ડ રજૂ કરે છે, જેની ઉલટતપાસ શ્રમિકના વકીલ કરે છે.

*૧૦. અંતિમ દલીલો (Final Arguments)- બંને પક્ષોના પુરાવા પૂરા થયા બાદ, બંને પક્ષના વકીલો કાયદાની કલમો અને વડી અદાલતોના જુદા-જુદા ચુકાદાઓ (Judgements) ટાંકીને કોર્ટ સમક્ષ આખરી દલીલો કરે છે. *૧૧. ચુકાદો (Award / Judgement)- દલીલો સાંભળ્યા બાદ લેબર કોર્ટ પોતાનો આખરી નિર્ણય આપે છે, જેને 'એવોર્ડ' (Award) કહેવામાં આવે છે. * જો ચુકાદો શ્રમિકની તરફેણમાં આવે, તો કોર્ટ માલિકને આદેશ કરી શકે છે કે શ્રમિકને નોકરો પર પાછો લો, તેનો બાકી પગાર (Back wages) વ્યાજ સાથે ચૂકવો અથવા કાયદેસરનું આર્થિક વળતર આપો.

મહત્વની કાનૂની ટિપ્સ (શ્રમિક માટે)1. સમય મર્યાદા (Limitation)- નોકરીમાંથી કાઢી મૂક્યાના અથવા વિવાદ થયાના ૩ વર્ષની અંદર લેબર કમિશનર કે કોર્ટનો સંપર્ક કરવો જરૂરી છે. બહુ મોડું કરવાથી કેસ નબળો પડી શકે છે.

2. કોર્ટ ફી માફી- સામાન્ય દીવાની અદાલતો (Civil Courts) ની જેમ લેબર કોર્ટમાં શ્રમિકે કોઈ મોટી કોર્ટ ફી ભરવાની હોતી નથી. મજૂરો માટે અહીં કાનૂની ખર્ચ નહિવત હોય છે.3.અંતિમ ચુકાદાની અમલવારી જો લેબર કોર્ટનો ઓર્ડર આવ્યા પછી પણ માલિક પૈસા ન ચૂકવે, તો તે ઓર્ડરના આધારે કલેક્ટર મારફતે માલિકની મિલકત જપ્ત કરાવીને પણ વસૂલાત (Revenue Recovery) કરાવી શકાય છે.

# 'જૈન સાધુ-સાધ્વીજીને ટાર્ગેટ કરી હત્યા કરવામાં આવે છે' સુરતમાં જૈન સમાજ રસ્તા પર ઉતર્યો, MP-ગુજરાતમાં ૧ દિમાં ૩ પદવિહારી કાળધર્મ પામ્યા, સુરક્ષાની માગ

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સમગ્ર દેશમાં અહિંસા, કરુણા અને શાંતિનો સંદેશ ફેલાવતા જૈન સંતો તેમજ સાધ્વીજીઓની સુરક્ષાને લઈને હાલ સમગ્ર જૈન સમાજમાં ભારે ચિંતા અને આક્રોશનો માહોલ છે. તાજેતરમાં મધ્યપ્રદેશના રેવા અને ગુજરાતના ચોટીલા પાસે પગપાળા વિહાર કરી રહેલા જૈન સંતો અને સાધ્વીજીઓના માર્ગ અકસ્માતમાં થયેલા આકસ્મિક અને કથિત સુનિયોજિત મૃત્યુના વિરોધમાં સુરત મહાનગરના સમસ્ત જૈન સમુદાય દ્વારા એક વિશાળ અને ભવ્ય મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીના માધ્યમથી સુરતનો જૈન સમાજ દેશભરમાં વિહાર કરતા સાધુ-સંતોની સુરક્ષા માટે કેન્દ્ર સરકાર પાસે કડક અને વિશેષ કાયદો બનાવવાની તેમજ અકસ્માત સર્જનારા દોષિતોને ફાસ્ટ-ટ્રેક કોર્ટ દ્વારા સખત સજા અપાવવાની માંગ કરી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી દેશના વિવિધ રાજ્યોના હાઈવે પર વિહાર કરી રહેલા જૈન સંતો સાથે હિટ એન્ડ રનની અને જીવલેણ અકસ્માતોની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહી છે.








તાજેતરમાં બનેલી બે મોટી ઘટનાઓએ સમગ્ર જૈન શાસનને હચમચાવી દીધું છે, જેને કારણે સમાજ રસ્તા પર ઉતરવા મજબૂર બન્યો છે. શિસ્તબદ્ધ મૌન રેલી અને કલેક્ટર કચેરીએ રજૂઆત ધાર્મિક અને સામાજિક કાર્યોમાં હંમેશાં અગ્રેસર રહેતા સુરત મેટ્રોપોલિટન વિસ્તારના તમામ જૈન સંગઠનો અને ચારેય ફિરકાઓ આ મુદ્દે એક થઈ ગયા હતા. સવારે નવ વાગ્યે પાર્લે પોઈન્ટ વિસ્તારમાં આવેલા સરગમ શોપિંગ સેન્ટર ખાતે હજારોની સંખ્યામાં જૈન શ્રાવકો અને શ્રાવિકાઓ શ્વેત વસ્ત્રો ધારણ કરીને એકત્રિત થયા હતા. જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંત અહિંસાને વરેલો આ સમાજ કોઈપણ પ્રકારની નારાબાજી કે ઘોંઘાટ વગર, અત્યંત શિસ્તબદ્ધ રીતે મૌન પાળીને આગળ વધ્યો હતો. આ મૌન રેલી પાર્લે પોઈન્ટથી શરૂ થઈને અઠવાલાઈન્સ સ્થિત કલેક્ટર કચેરી સુધી પહોંચી હતી. રેલીમાં જોડાયેલા લોકોના હાથમાં સાધુ-સંતોની સુરક્ષાની માંગ કરતા બેનરો અને પ્લેકાર્ડ્સ જોવા મળ્યા હતા. છેલ્લા નવ દિવસમાં બનેલી બે ઘટનાથી આક્રોશ પ્રથમ ઘટના 20 મે, 2026ના રોજ આચાર્ય ભગવંત શ્રી વિદ્યાસાગર જી મહારાજના પરમ શિષ્યા અને દિગંબર જૈન સમુદાયના અગ્રણી સાધ્વીજી શ્રુતમતી માતાજી તથા ઉપશમ માતાજી મધ્યપ્રદેશના રેવા વિસ્તારમાં પગપાળા વિહાર કરી રહ્યા હતા, ત્યારે એક શંકાસ્પદ માર્ગ અકસ્માતમાં બંને સાધ્વીજીઓ કાળધર્મ પામ્યા હતા.

જૈન સમાજનો આક્ષેપ છે કે આ માત્ર સામાન્ય અકસ્માત નથી, પરંતુ તેની પાછળ કોઈ ઊંડું ષડયંત્ર છે. બીજી ઘટના ગઈકાલે 28 મેએ ચોટીલા હાઈવે નજીક વિહાર કરી રહેલા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના પૂજ્ય પંન્યાસ શ્રી ઓમકારશેખર વિજય જી મહારાજ પણ એક ભયાનક માર્ગ અકસ્માતનો ભોગ બન્યા અને તેમનું પણ કરુણ અવસાન થયું. એક જ સપ્તાહના ટૂંકા ગાળામાં દિગંબર અને શ્વેતાંબર સમાજના આટલા મોટા સંતોના મૃત્યુ થતાં જૈન સમાજની ધાર્મિક લાગણીઓ દુભાઈ છે. 'ટાર્ગેટ કરી ષડયંત્ર રૂપે જૈન સાધુ-સાધ્વીઓની હત્યા કરવામાં આવે છે' જૈન સમાજના અગ્રણી હિતેશકુમાર જૈને આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, એવા ક્ષેત્રોમાં ટાર્ગેટ કરીને ષડયંત્ર રૂપે જૈન સાધ્વીઓ, સાધુ ભગવંતોની હત્યા કરવામાં આવે છે, જે અત્યંત નિંદનીય છે. રેવા અકસ્માતના આરોપીઓ ભલે પકડાઈ ગયા હોય, પણ તેની પાછળ રહેલા મુખ્ય ષડયંત્રકારીઓનો પર્દાફાશ થવો જરૂરી છે. ચોટીલામાં પંન્યાસ ઓમકારશેખર સુરીશ્વરજી મહારાજ સાહેબની જે એક્સિડન્ટ રૂપે પણ હત્યા થઈ છે, એ પણ ખૂબ નિંદનીય છે.

સમગ્ર જૈન સમાજ વતી સરકાર સમક્ષ મુખ્ય બે માંગ ભારતભરમાં પગપાળા વિહાર કરતા તમામ સાધુ, સાધ્વી, સંતો અને મહંતોને સંપૂર્ણ સંરક્ષણ પૂરું પાડતો એક વિશેષ કેન્દ્રીય કાયદો બનાવવામાં આવે. સંતોના અકસ્માત અને હત્યા પાછળ સંમિલિત તમામ દોષિતો સામે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવીને તેમને ફાંસી જેવી સખતમાં સખત સજા આપવામાં આવે.

# ''પી.એમ પોષણ યોજના'' અન્વયે જાફરાબાદ તાલુકાના કન્યા શાળા ટીંબી કેન્દ્ર નં. ૧૬ ખાતે ભોજન કેન્દ્રમાં સંચાલકની આવશ્યકતા : તા.૧૫ જુન સુધીમાં અરજી કરવી

અમરેલી તા.૩૦ મે, ૨૦૨૬ (શનિવાર) - પી.એમ પોષણ (મધ્યાહન ભોજન) યોજના અન્વયે જિલ્લાના જાફરાબાદ તાલુકાની કન્યા શાળા ટીંબી કેન્દ્ર-૧૬ ખાતે મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલની (સ્થાનિક, સામાન્ય ઉમેદવાર) આવશ્યકતા છે. નિયત નમુનામાં કોરા અરજી પત્રકો કે જે જાફરાબાદ તાલુકા મામલતદાર કચેરીમાંથી રૂબરું વિના મુલ્યે મળી શકશે. અરજી પત્રકો કામકાજના કલાકો દરમિયાન તા. ૨૯.૦૫.૨૦૨૬ થી તા. ૧૫.૦૬.૨૦૨૬ સુધીમાં (જાહેર રજાના દિવસો સિવાય) મામલતદાર કચેરી જાફરાબાદ ખાતેથી મેળવી લેવાના રહેશે. સાથે તા. ૧૫.૦૬.૨૦૨૬ સુધીમાં મામલતદાર કચેરી જાફરાબાદ ખાતે બપોરના ૩ કલાક પહેલા પહોંચાડવાના રહેશે. ધો.૧૦ પાસની શૈક્ષણિક લાયકાત અને ઓછામાં ઓછી ૨૦ વર્ષ અને ૪૫ વર્ષની વચ્ચેની વય ધરાવતા ઉમેદવારોએ નિયત નમૂનામાં અરજી કરવી તેમ મામલતદાર જાફરાબાદની યાદીમાં જણાવવામાં આવ્યું છે.



# સંગીત

**લીવ આર્ટિસ્ટિક**

**કંદર્પ ભટ્ટ**

M.A.B.Ed in Music

## ગિટાર દરેકનું પ્રિય કેમ ?

આ ઈન્સ્ટ્રુમેન્ટ કઈક અલગ જ ઉંચાઈ પર છે એટલે યુવા પેઢી માં આકર્ષણ નું કેન્દ્ર છે ગિટાર ના કલર એની બનાવટ અને પકડવાની પદ્ધતિ લોકો ના મન મોહી લે છે . નાના હોય કે મોટા હોય જેને પણ ગિટાર મળે તો એક વાર હાથ માં લઈ ને તેના તાર ને છેડશે જ .. આ ઈન્સ્ટ્રુમેન્ટ વગાડવાના ઘણા પ્રકાર છે તમે ગીત ની લાઇન (લીડ) વગાડી શકો છો તેમજ કોર્ડ્સ વગાડી સાથે રિધમ પણ આપી શકો છો.. એટલે જ તો ખાલી ગિટાર સાથે પણ તમે બેસ્ટ પરફોર્મન્સ આપી શકો ગિટાર જેટલું બધા નું પ્રિય છે શીખવું આટલું જ અઘરું છે રોજ રિયાઝ કરવો પડે એક પણ દિવસ ચૂક્યા વગર જે એક સાથે જાજી જગ્યા પર ધ્યાન આપી શકે એવા લોકો જ ગિટાર ને નિભાવી શકે ડાબા હાથે ફિંગરબોર્ડ પર કોર્ડ જમણા હાથે સ્ટ્રિંગ્સ પણ પિક વડે વગાડવાનું .. તેમજ કાંડા થી રિધમ આપવી .. સાથે (લીડ)ગીત ની લાઇન પણ વગાડવી અને પછી સાથે સિંગીંગ કરવું.. આટલી જગ્યા પર ફોકસ કરવું પડે ગિટાર ના અલગ અલગ ૬ પ્રકારો છે જે નીચે પ્રમાણે છે ગિટારના મુખ્ય પ્રકારો (Types of Guitar) તેના અવાજ, બનાવટ અને વગાડવાની પદ્ધતિના આધારે અલગ પડે છે. મુખ્યત્વે ગિટારને ત્રણ મોટા ભાગમાં વહેંચવામાં આવે છે એકોસ્ટિક (સામાન્ય), ક્લાસિકલ અને ઈલેક્ટ્રિક.તમામ પ્રકારોની વિગતવાર માહિતી નીચે મુજબ છે૧. એકોસ્ટિક ગિટાર (Acoustic Guitar)ભારતમાં સૌથી વધુ લોકપ્રિય અને સામાન્ય રીતે જોવા મળતું આ ગિટાર છે.તાર (Strings) આમાં સ્ટીલ કે બ્રોન્ઝના તાર (Steel Strings) વપરાય છે.અવાજ તેનો અવાજ ખૂબ જ તીક્ષ્ણ, કડક અને મોટો હોય છે.ઉપયોગ પોપ, રોક, બોલિવૂડ ગીતો અને કોર્ડ્સ (Chords) વગાડીને ગીતો ગાવા માટે આ બેસ્ટ માનવામાં આવે છે. શિખવા માટે મોટાભાગના લોકો આની પસંદગી કરે છે.૨. ક્લાસિકલ ગિટાર (Classical / Nylon String Guitar)આ ગિટાર દેખાવમાં એકોસ્ટિક જેવું જ લાગે છે, પરંતુ તેની બનાવટ અલગ હોય છે.તાર (Strings) આમાં નાયલોનના તાર (Nylon Strings) હોય છે, જે આંગળીઓ પર ખૂબ નરમ હોય છે.અવાજ તેનો અવાજ ખૂબ જ ધીમો, મધુર અને ગંભીર (Warm sound) હોય છે.ઉપયોગ આ ગિટાર પશ્ચિમી ક્લાસિકલ સંગીત, ફ્લેમેન્કો (સ્પેનિશ ડાન્સ મ્યુઝિક) અને ગઝલ કે સોફ્ટ ગીતો વગાડવા માટે વપરાય છે. આની ફિંગરબોર્ડ (પટ્ટી) થોડી પહોળી હોય છે.૩. ઈલેક્ટ્રિક ગિટાર (Electric Guitar)આ ગિટાર અંદરથી પોલા હોવાને બદલે નક્કર લાકડાનું (Solid Body) બનેલું હોય છે.ખાસિયત આને વગાડવા માટે એમ્પ્લીફાયર (સ્પીકર) અને કેબલની જરૂર પડે છે. તેના વગર આનો અવાજ બહુ ધીમો આવે છે.ઈફેક્ટ્સ ડિસ્ટોર્શન (Distortion), ડિલે (Delay) જેવા ગેજેટ્સ જોડીને તેના અવાજને સંપૂર્ણપણે બદલી શકાય છે.ઉપયોગ રોક (Rock), મેટલ (Metal), જ્ઝ (Jazz) અને બોલિવૂડના ફાસ્ટ ગીતો તેમજ સ્ટેજ પર સોલો પર્ફોર્મન્સ આપવા માટે આ વપરાય છે.૪. સેમી-એકોસ્ટિક ગિટાર (Semi-Acoustic / Electro-Acoustic Guitar)આ એકોસ્ટિક અને ઈલેક્ટ્રિક ગિટારનું મિશ્રણ છે.ખાસિયત આ સામાન્ય એકોસ્ટિક ગિટાર જ છે, પરંતુ તેમાં ઇન-બિલ્ટ પિકઅપ (માઇક સિસ્ટમ) આપેલી હોય છે.લાભ તમે આને સામાન્ય રીતે પણ વગાડી શકો છો અને જો સ્ટેજ પર મોટો અવાજ જોઈતો હોય, તો વાયર વડે સીધું મોટા સ્પીકર સાથે પણ જોડી શકો છો.૫. બેઝ ગિટાર (Bass Guitar)આ ગિટાર કોઈપણ મ્યુઝિક બેન્ડની કરોડરજ્જુ સમાન છે, જે ગીતને રિધમ અને બેઝિક પિચ આપે છે.તાર (Strings) સામાન્ય ગિટારમાં ૬ તાર હોય છે, જ્યારે બેઝ ગિટારમાં માત્ર ૪ તાર (કેટલાકમાં ૫) હોય છે, જે ખૂબ જાડા હોય છે.અવાજ આનો અવાજ અત્યંત ભારે અને ઘેરો (Heavy & Deep) હોય છે.૬. ૧૨-સ્ટ્રિંગ ગિટાર (12-String Guitar)ખાસિયત આ ગિટારમાં છ ના બદલે બાર તાર હોય છે, જે બબ્બેની જોડીમાં ગોઠવાયેલા હોય છે.અવાજ આને વગાડવાથી બે ગિટાર એકસાથે વાગતા હોય તેવો ભવ્ય ગુંજતો અવાજ (Chorus effect) ઉત્પન્ન થાય છે.ભારતમાં ગિટારનું આગમન (૧૬મી થી ૧૯મી સદી)પોર્ટુગીઝો દ્વારા શરૂઆત ભારતમાં સૌથી પહેલા ગિટાર ૧૬મી સદીમાં પોર્ટુગીઝો દ્વારા ગોવા લાવવામાં આવ્યું હતું. ગોવાના સ્થાનિક લોકોએ ખ્રિસ્તી શિક્ષણની સાથે પશ્ચિમી સંગીત અને ગિટાર વગાડવાનું શરૂ કર્યું, જે ધીમે ધીમે ભારતના અન્ય ભાગોમાં ફેલાયું.બ્રિટિશ કાળ ૧૮૪૦ના દાયકામાં ચેન્નાઈ (તત્કાલીન મદ્રાસ)ના બ્રિટિશ સંગીત વર્તુળોમાં પશ્ચિમી ક્લાસિકલ ગિટાર વગાડવાનું શરૂ થયું હતું. જો કે, તે સમયે તે માત્ર પશ્ચિમી શૈલી પૂરતું જ મર્યાદિત હતું.

# અમરેલીના યુવા ક્રિકેટર જેસલ બગડાની ધમાકેદાર ઈનિંગ

## SCA આયોજિત ઈન્ટર ડિસ્ટ્રીક અંડર ૧૯ ટુર્નામેન્ટમાં જેસલનો તરખાટ



### રાજકોટ રૂરલની ટીમ સામે ૪ છગ્ગા અને ૮ ચોગ્ગા સાથે ૮૩ રનની ધમાકેદાર ઈનિંગ

### જેસલની ઈનિંગથી SCA પણ થયું પ્રભાવિત

### ૮૩ રનની ઈનિંગ સાથે અમરેલીનો સ્કોર ૧૯૨ રન પહોંચાડ્યો જો કે રાજકોટ રૂરલ ટીમે રન બનાવી વિજેતા બની

■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

રાજકોટના નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે અંડર ૧૯ ઈન્ટર ડિસ્ટ્રીક ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં આજે પ્રથમ મેચ અમરેલી અને રાજકોટ રૂરલ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં અમરેલીએ ૧૯૨ રનનો ટાર્ગેટ આપ્યો હતો જે ટાર્ગેટ રાજકોટ રૂરલે ૧૯૩ રન બનાવીને મેચ તેના નામે કર્યો હતો જો કે મેચમાં અમરેલીના યુવા ક્રિકેટર જેસલ બગડાની ૮૩ રનની ધમાકેદાર બેટિંગે સૌ કોઈનું ધ્યાન આકર્ષિત કર્યું હતુંજેસલ બગડા રાઈટ હેન્ડ ઓપનીંગ બેસ્ટમેન છે અને લેફ્ટ હેન્ડ બોલર છે.આજે અમરેલી ટીમ વતી જેસલ બગડાં ઓપનીંગ બેટ્સમેન તરીકે મેદાને ઉતર્યો હતો જેમાં તેમણે ચાર છગ્ગા અને આઠ જેટલા ચોગ્ગા મારીને ૮૩ રનનો સ્કોર બનાવ્યો હતો.જેસલે કુલ ૧૦૧ જેટલા બોલનો સામનો કર્યો હતો.જેસલની ધમાકેદાર બેટીંગથી અમરેલીનો સન્માનજનક સ્કોર થયો હતો.જેસલના ૮૩ રનના સ્કોર સાથે ૪૦ ઓલરના અંતે અમરેલીનો સ્કોર ૧૯૨ રન પર પહોંચ્યો હતો જેને રાજકોટ રૂરલ ૩૨.૫ ઓવરમાં રન બનાવીને મેચ પોતાના નામે કર્યો હતોસૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન આયોજિત આ ટૂર્નામેન્ટમાં સૌરાષ્ટ્રભરના અંડર ૧૯ ખેલાડીઓ રમવા માટે આવે છે અને એસોસિએશનના હોદ્દેદારો અને સિલેક્ટરોની પણ યુવા ખેલાડીઓ પર નજર હોય છે ત્યારે જેસલની ધમાકેદાર ઈનિંગથી સૌ કોઈ પ્રભાવિત થયાં હતા.

# અમરેલીમાં કવિ રમેશ પારેખ સ્થાપિત મુદ્રા સંસ્થાનો ભવ્ય પુનઃ પ્રારંભ








■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

મૂર્ધન્ય કવિઓએ શબ્દ પર્વ-૧ માં અમરેલીના શ્રોતાઓને કાવ્યરસમાં તરબોળ કર્યાયુગંધર કવિશ્રી રમેશ પારેખ દ્વારા સ્થાપિત સાહિત્યિક સંસ્થા મુદ્રાનો પુનઃ પ્રારંભ ગત રવિવારના રોજ અમરેલીના આંગણે કાવ્યાત્મક માહોલમાં સંપન્ન થયો. પૂજ્ય મોરારિબાપુ પ્રેરિત 'સત્ય પ્રેમ કરુણા ટ્રસ્ટ' દ્વારા મુદ્રાનું સંચાલન કરવામાં આવશે. ગુજરાતી સાહિત્યમાં અમરેલી કેવળ ભૌગોલિક સ્થાન નથી પણ ભાવનાત્મક કેન્દ્રસ્થાને છે. આ શહેરનું વાતાવરણ કવિઓ અને સર્જકો માટે પોષક બની રહ્યું છે અને સાહિત્યમાં અમરેલી ઘરાના તરીકે સુખ્યાત થયું છે. અમરેલી ઘરાનાને પુનઃ ચેતનવંતુ બનાવવા આ ઉપક્રમની શરૂઆત કરવામાં આવી છે.

અમરેલીના દિલીપ સંઘાણી સાંસ્કૃતિક હોલ ખાતે યોજાયેલા આ ગરિમાપૂર્ણ કાર્યક્રમનું ઉદઘાટન ગુજરાત સરકારના માનનીય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી રાજકોટના માનનીય સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ મુદ્રા સંસ્થાના પુનઃ પ્રારંભને સાહિત્ય જગત માટે એક ઐતિહાસિક ઘટના ગણાવી હતી. શ્રીમતી રસિલાબેન રમેશભાઈ પારેખની વિશેષ ઉપસ્થિતિમાં કવિ શ્રી વિનોદ જોશી દ્વારા કવિ શ્રી રમેશ પારેખની કવિતાઓની વિશેષતા વિશે વાત કરવામાં આવી તેમજ ભાવક શ્રેષ્ઠ શ્રી છેલભાઈ વ્યાસ દ્વારા મુદ્રાના સંસ્મરણો તાજા કરવામાં આવ્યા. મુંબઈના સંગીતકાર શ્રી સુરેશ જોશીએ પ્રારંભે હરિગીત ગાન દ્વારા માહોલને કાવ્યમય બનાવ્યો હતો.

મુદ્રાના પુન:પ્રારંભનો વિચાર અને સંસ્થાના કાર્યો વિશે સત્ય પ્રેમ કરુણા ટ્રસ્ટના ટ્રસ્ટી અને મુદ્રાના સંવાહક શ્રી પ્રણવ પંડ્યાએ વક્તવ્યમાં વિગતે વાત કરી. કાર્યક્રમની પ્રથમ બેઠકનું સંચાલન ટ્રસ્ટી - કવયિત્રી શ્રી કિંજલ જોષી દ્વારા કરવામાં આવ્યું.શબ્દપર્વની દ્વિતીય બેઠકમાં ગુજરાતના મૂર્ધન્ય કવિઓએ પોતાની ઉત્તમ રચનાઓ રજૂ કરીને કાવ્યહેલી વરસાવી હતી. જેમાં આદરણીય કવિ શ્રી રાજેન્દ્ર શુક્લ,કવિ શ્રી વિનોદ જોશી, કવિ શ્રી મનોહર ત્રિવેદી, કવિ શ્રી અરવિંદ ભટ્ટ અને કવિ શ્રી ભાવેશ ભટ્ટની પ્રસ્તુતિએ શ્રોતાઓની ભરપૂર દાદ મેળવી હતી. કવિ સંમેલનનું સંચાલન જાણીતા સંચાલક - કવિ શ્રી મિલિંદ ગઢવીએ પોતાની આગવી અને રસપ્રદ શૈલીથી કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

વિશેષ અતિથિઓમાં રાજકોટથી ફૂલછાબ અખબારના તંત્રી શ્રી જ્વલંત છાયા, શિક્ષણવિદ શ્રી ભદ્રાયુ વચ્છરાજાની, કટાર લેખક આર.પી.જોશી, રંગકર્મી રાજુ યાજ્ઞિક, કવિ શ્રી ભાર્ગવ ઠાકર, ડૉ. ભરત કાનાબાર, વિશ્વ હિંદુ પરિષદના ડૉ. ગજેરા, ભાવનગરથી શ્રી હરિશ્ચંદ્રભાઈ જોશી, કવિતાકક્ષ સંસ્થાના સભ્યો, સર્વોદય સંસ્થાના શ્રી મંદાકિનીબેન પુરોહિત, અમરેલીના રાજકીય - સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા. અમરેલીના કાર્યક્રમને સફળ બનાવવા માટે સત્ય પ્રેમ કરુણા ટ્રસ્ટ વતી પ્રણવ પંડ્યા, હરેશભાઈ મહેતા, પ્રા. દિવ્યકાંત સૂચક, કિંજલ જોષી, કવિ શ્રી હરેશ વડાવીયા, શ્રી અશોક ખાચર, ગોપાલ ધકાણ, હર્ષિત સોનીએ ભારે જહેમત ઉઠાવી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવવા બદલ ટ્રસ્ટ દ્વારા અમરેલીના તમામ સાહિત્યપ્રેમીઓ અને નગરજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# સાવરકુંડલાના બાયપાસ રોડ ઉપર આવેલ અમૃત સરોવરમાં નજીકમાં જ લીલાપીળની ધાર પાસે રહેતા એક દેવીપુજક નો યુવાન નાહવા પડતા ડૂબી ગયો





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગતો અનુસાર આજે બપોરના 12 કલાકે અશ્વિન કનુભાઈ કારડીયા ઉંમર વર્ષ 18 નામનો યુવાન ઘેરથી કહ્યા વગર આ સરોવરમાં નાહવા ગયેલ અને ડૂબી જતા સ્થાનિકો એ મહેનત કરી ટાઉન પોલીસને બોલાવી અને 108 પણ ઘટના સ્થળે આવી પહોંચી પાણીમાં ડૂબેલ યુવાન અશ્વિન કારડીયાને સાવરકુંડલા સરકારી હોસ્પિટલ લાવવામાં આવ્યો ત્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો. મૃતક યુવાન અશ્વિન ના પિતા કનુભાઈ કારડીયા મજુરી કામ કરે છે તેમને બે દીકરાઓ છે જેમાં મૃતક અશ્વિન મોટો દીકરો છે અને એક એનાથી નાનો છે તેઓ મજૂરી કામ કરતા હોય બપોરે 1200 વાગે પતિ પત્ની ઘેરે આવ્યા ત્યારે તેને સમાચાર મળ્યા કે તમારો દીકરો સરોવરમાં ડૂબી ગયો છે તાત્કાલ કનુભાઈ સરોવર ઉપર ગયા તો લોકોના ટોળા હતા અને પોતાના દીકરાને વાહન મારફતે સરકારી દવાખાને લઈ જવામાં આવી રહ્યો હતો.

સગા સંબંધી પરિવાર તાત્કાલિક સરકારી દવાખાને પહોંચ્યો 18 વર્ષનો યુવાન મૃત જોઈ માતા-પિતા ભાંગી પડ્યા હતા અને પરિવારમાં આક્રંદ પ્રસરી ગયું હતું જોકે આ અમૃત સરોવરમાં આવી ઘટનાઓ અગાઉ પણ બની ગઈ છે પરંતુ અહીં કોઈ ચોક્કસ ચોકીદાર કે રક્ષક ન હોવાને કારણે બપોરના સમયે અનેક બાળકો યુવાનો નાહવા માટે આવતા હોય છે આટલી મોટી ઘટનાઓ બનવા છતાં અને આ અમૃત સરોવરનો કરોડો રૂપિયાને ખર્ચે વિકાસ થઈ રહ્યો છે છતાં સીસીટીવી કેમેરા પણ અહીંયા ઉપલબ્ધ નથી ત્યારે આ સામાન્ય દેવીપુજક પરિવારમાં યુવાનને ગુમાવવાની ઘટનાથી સમગ્ર અમૃત સરોવર વિકાસ કરતા સત્તાધીશો અને અધિકારીઓએ ગંભીરતા દાખવી ખાસ કરીને બપોર વચ્ચે અહીંયા કોઈ દાખલ ન થાય અને તાત્કાલિક ધોરણે સીસીટીવી કેમેરા મૂકવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## કપાસમાં સંકલિત રોગ વ્યવસ્થાપન માટે વાવણી પહેલા અને વાવણી સમયે ખેડૂતોએ ખાસ પગલા લેવા

અમરેલી તા. ૩૦ મે,૨૦૨૬ (શનિવાર) - કપાસના પાકમાં સંકલિત રોગ વ્યવસ્થાપન માટે વાવણી પહેલાં અને વાવણી સમયે લેવાના પગલાં અંગે ખેડૂતોએ ખાસ પગલા લેવા ઉપરાંત માર્ગદર્શિકા અનુસરવી. જેમાં લાંબા ગાળે પાકની ફેરબદલી કરવી અને નાઈટ્રોજન, ફોસ્ફરસ તેમજ પોટાશનો પ્રમાણસર ઉપયોગ કરવો, લીલો પડવાશ, છાણિયું ખાતર હેક્ટરે ૧૦ ટન અથવા પ્રેસમડ અથવા મરઘાનું ખાતર પ્રતિ હેક્ટરસ ૨ ટન આપવું, અથવા એરંડીના ૫૦૦ કિ.ગ્રા ખોળમાં ૪ કિ.ગ્રા ટ્રાયકોડર્મા વિરીડી ૨.૫ કિ.ગ્રા પ્રતિ હેક્ટર ૧૦૦ કિ.ગ્રા છાણીયા ખાતર સાથે મીક્ષ કરી વાવણી સમયે ચાસમાં જમીનમાં ભેજ હોય ત્યારે આપવું. કપાસમાં નવો સુકારો અતવા પેરાવિલ્ટ અટકાવવા હલકી જમીનમાં પાળા પદ્ધતિથી વાવેતર કરી સેન્દ્રિય ખાતરો પૂરતા પ્રમાણમાં આપવા. કપાસમાં સુકારાના નિયંત્રણ માટે આંતર પાક તરીકે મઠ, અડદ કે મકાઈ વાવવા અથવા જ્વાર, રાયડો અને બાજરીની ફેરબદલી કરવી હિતાવહ છે.

આ ઉપરાંત, વાવણી સમયે બીજને ટ્રાયકોડર્મા હાર્જીયાનમ અથવા ટ્રાયકોડર્મા વિરીડી જેવા જૈવિક ફૂગ નિયંત્રકો (૧૦ ગ્રામ/કિલો) અથવા કાર્બોક્ઝીન ૩૭.૫ ટકા વત્તા થાઈરમ ૩૭.૫ ટકા ડીએસનાં મિશ્રણનો ૩.૫ ગ્રામ પ્રતિ કિ.ગ્રા બીજ મુજબ પટ આપી વાવેતર કરવું જોઈએ.કપાસમાં ખૂણિયા ટપકા અને કેમ્પેસ્ટ્રીસ જેવા બીજજન્ય રોગો અટકાવવા માટે બીજની રૂવાંટી દૂર કરવી, એક કિ.ગ્રા બીજમાં ૧૦૦ મિલી ગંધકનો તેજાબ નાંખી ૨-૩ મિનિટ સતત હલાવી ત્યારબાદ બીજને પાંચથી છ વખત સાદા પાણીમાં ધોઈ ત્યારબાદ પારાયુકત દવાઓ (એગ્રોસાન, સેરેસાન, ઈમિસાન) પૈકી એક દવાનો ૨-૩ ગ્રામ પ્રતિ એક કિ.ગ્રા બીજ મુજબ પટ આપવો અથવા સ્યુડોમોનાસ ફ્લુરોસન્સ ૧૦ ગ્રામ પ્રતિ કિ.ગ્રા બીજ પ્રમાણે માવજત આપી વાવેતર કરવું.

ખેડૂતોએ દવાના વપરાશ વખતે તેના લેબલ મુજબની કાળજી રાખવા અને વધુ માહિતી માટે સ્થાનિક ગ્રામસેવક, ખેતી અધિકારી અથવા જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવો ઉપરાંત વધુ જાણકારી માટે તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, નાયબ ખેતી નિયામક વિસ્તરણ અને તાલીમનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## "પી.એમ. કિસાન યોજના"ના તમામ લાભાર્થીઓએ ૩૦ જૂન સુધીમાં બાયોમેટ્રિક ઓથેન્ટિકેશ દ્વારા ઈ-કે.વાયસી પ્રક્રિયા પૂર્ણ કરવી

અમરેલી તા. ૩૦ મે,૨૦૨૬ (શનિવાર) - પી.એમ. કિસાન યોજનાના તમામ લાભાર્થીઓએ તા. ૩૦ જૂન પહેલા "બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન" દ્વારા વાર્ષિક ઈ-કે.વાયસી ફરજિયાત કરાવવાનું રહેશે. ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજના હેઠળ સહાય મેળવવા માટે તમામ નોંધાયેલ લાભાર્થીઓ માટે બાયોમેટ્રિક/ફેસ ઓથેન્ટિકેશન આધારિત e-KYC ફરજિયાત કરવામાં આવેલ છે. દરેક લાભાર્થીએ દર નાણાકીય વર્ષના પ્રથમ હપ્તા (એપ્રિલ-જુલાઈ)ના વિતરણ પહેલાં વાર્ષિક e-KYC પૂર્ણ કરાવવું આવશ્યક છે. જે લાભાર્થીઓ દ્વારા બાયોમેટ્રિક અથવા ફેસ ઓથેન્ટિકેશન આધારિત e-KYC પૂર્ણ કરવામાં આવશે, તેઓને જ પી.એમ. કિસાન યોજનાનો આગામી હપ્તો મળવાપાત્ર રહેશે.વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું વાર્ષિક "e-KYC" તા. ૩૦ જૂન, ૨૦૨૬ સુધીમાં ફરજિયાત પૂર્ણ કરાવવાનું રહેશે. "e-KYC" પૂર્ણ કરવા માટે (૧) ગ્રામ્ય કક્ષાએ ફેસ ઓથેન્ટિકેશન દ્વારા વિલેજ નોડલ ઓફિસરશ્રી દ્વારા PM-KISAN મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને ફેસ ઓથેન્ટિકેશન મારફતે e-KYC પૂર્ણ કરી શકાય છે. (૨) CSC અને ઈ-ગ્રામ કેન્દ્ર ખાતે નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) અથવા ઈ-ગ્રામ કેન્દ્ર ખાતે બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા e-KYC કરાવી શકાય છે. (૩) લાભાર્થી દ્વારા સ્વયં મોબાઈલ એપ્લિકેશનથી PM-KISAN મોબાઈલ એપમાં Login Login Type Beneficiary વિકલ્પ પસંદ કરી આધાર નંબર અથવા રજીસ્ટ્રેશન નંબર દ્વારા ફેસ ઓથેન્ટિકેશનથી પોતાનું તેમજ અન્ય ૧૦૦ લાભાર્થીઓનું e-KYC પૂર્ણ કરી શકાય છે.વધુ માહિતી માટે લાભાર્થીઓ પોતાના ગામના તલાટી કમ મંત્રીશ્રી/સિટી તલાટી(કસ્બા તલાટી)નો અથવા તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીશ્રી અને મામલતદારશ્રીઓનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સાવરકુંડલા-લીલીયાને 'ફાટક મુક્ત' કરવા ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાની ઐતિહાસિક પહેલ રેલ્વેના ઉચ્ચ અધિકારીઓ સાથે કર્યું સ્થળ નિરીક્ષણ





સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારની જનતાને વર્ષો જૂની ટ્રાફિક અને રેલ્વે ફાટકની સમસ્યામાંથી કાયમી મુક્તિ અપાવવા માટે સ્થાનિક ધારાસભ્યશ્રી દ્વારા એક મોટું અને પ્રશંસનીય કદમ ઉઠાવવામાં આવી રહ્યું છે. આજ રોજ ધારાસભ્યશ્રીએ રેલ્વે વિભાગના ઉચ્ચ ટેકનિકલ અધિકારીઓ અને એન્જિનિયરોની ટીમને સાથે રાખીને સાવરકુંડલા તથા લીલીયા રેલ્વે ફાટોકોની રૂબરૂ મુલાકાત લીધી હતી અને આ વિસ્તારોને 'ફાટક મુક્ત' બનાવવા તરફ ગંભીરતાપૂર્વક આગળ વધ્યા છે.

આ બ્રિજ નિર્માણની શક્યતાઓ મુલાકાત દરમિયાન રેલ્વે ક્રોસિંગ પર વાહનોની દૈનિક સંખ્યા અને ટ્રાફિકની ગંભીરતાને ધ્યાને લઈ, ત્યાં ઓવરબ્રિજ અથવા અંડરબ્રિજ બનાવવા અંગે સ્થળ પર જ ટેકનિકલ નકશાઓ સાથે સમીક્ષા કરવામાં આવી હતી.આ ફાટકો મુક્ત થવાથી દરરોજ પસાર થતા હજારો નાગરિકો, નોકરિયાતો, વિદ્યાર્થીઓ અને ખાસ કરીને કટોકટીના સમયે એમ્બ્યુલન્સ સેવાઓને કલાકો સુધી અટવાઈ રહેવું નહીં પડે.આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટને વહેલી તકે મંજૂરી મળે તે માટે રાજ્ય સરકાર અને કેન્દ્રના રેલ્વે મંત્રાલય વચ્ચે જરૂરી સંકલન સાધીને આગળની કાર્યવાહી યુદ્ધના ધોરણે શરૂ કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.ધારાસભ્યશ્રીએ મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે મારા મતવિસ્તારના નાગરિકોની સુખાકારી, સમયની બચત અને સુરક્ષા એ મારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

સાવરકુંડલા અને લીલીયાના રેલ્વે ફાટકોને કારણે વેપાર-રોજગાર અને ટ્રાફિકને મોટી અસર થતી હતી. આજે રેલ્વે પ્રશાસન સાથેની આ બેઠક અને સર્વે ખૂબ જ હકારાત્મક રહ્યા છે. અમે ખૂબ જ ટૂંક સમયમાં આ પંથકને ફાટક મુક્ત કરીને વિકાસની નવી ગતિ આપીશું."આ તકે સ્થાનિક અગ્રણીઓ, સામાજિક કાર્યકરો, નગરપાલિકા,જિલા પંચાયત./તાલુકા પંચાયતના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક વેપારીઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. જનતાની વર્ષો જૂની પીડા સમજીને તેના કાયમી નિવારણ માટે ધારાસભ્યશ્રી દ્વારા લેવાયેલા આ ત્વરિત અને સક્રિય પગલાને સમગ્ર સાવરકુંડલા-લીલીયા પંથકની જનતાએ ખુલ્લા દિલથી આવકારી આભાર વ્યક્ત કર્યો છે.

# "સ્ટ્રોક પછી પણ સામાન્ય અને સ્વસ્થ જીવન શક્ય છે સમયસર સારવાર અને યોગ્ય કાળજી સાથે..."

Dr. Vishal K. Chavda, MS, PhD, FICN




**સ્ટ્રોક પછી કયા શારીરિક ફેરફારો થાય છે?**

થાક અને અસંયમ - શારીરિક ફેરફારો અથવા દવાને કારણે થઈ શકે છે, પરંતુ મૂડમાં ફેરફાર, હતાશા, ચિંતા અથવા ઊંઘમાં મુશ્કેલી પણ થઈ શકે છે. ઘણા પ્રકારના અસંયમ થઈ શકે છે, પરંતુ તે દવા, સ્નાયુઓની નબળાઈ, સંવેદનામાં ફેરફાર, વિચાર અને યાદશક્તિને કારણે થઈ શકે છે. સ્ટ્રોક પછી, બચી ગયેલા લોકો ઘણીવાર ભાવનાત્મક અને વર્તણૂકીય ફેરફારોનો અનુભવ કરે છે. કારણ સરળ છે. સ્ટ્રોક મગજને અસર કરે છે, અને મગજ આપણા વર્તન અને લાગણીઓને નિયંત્રિત કરે છે. તમે અથવા તમારા પ્રિયજન ચીડિયાપણું, ભૂલી જવાની, બેદરકારી અથવા મૂંઝવણની લાગણી અનુભવી શકે છે. તે ઘણી વસ્તુઓ સાથે જોડાયેલ હોઈ શકે છે, જેમાં તમારા સ્ટ્રોક વિશે દુ:ખ, નુકશાન અને હતાશાની લાગણીનો સમાવેશ થાય છે. તેને મગજમાં થતા ફેરફારો સાથે પણ જોડી શકાય છે જે તમારી લાગણીઓને નિયંત્રિત કરવાનું મુશ્કેલ બનાવે છે. કેટલાક લોકોને લાગે છે કે તેઓ કોઈ કારણ વગર ગુસ્સે થાય છે, અથવા એવી વસ્તુઓ માટે ગુસ્સે થાય છે જે તેમને પહેલા પરેશાન કરતી ન હતી. શું તમે સ્ટ્રોક પછી સામાન્ય જીવન જીવી શકો છો? હા ચોક્કસ!!

તબીબી સારવાર, તમારા ડૉક્ટર સાથે નિયમિત વાતચીત અને જીવનશૈલીમાં ફેરફારનું સંયોજન સ્ટ્રોકથી બચી ગયેલા લોકોને પુન:પ્રાપ્તિ અને સામાન્ય, સ્વસ્થ જીવનના માર્ગ પર લાવી શકે છે. સ્ટ્રોક પછી, તમને એવું લાગશે કે તમારી પાસે ઊર્જા અથવા શક્તિનો અભાવ છે અને તમે સતત થાકેલા અથવા થાકેલા અનુભવો છો. સ્ટ્રોક પછીનો થાક હંમેશા આરામથી સુધરતો નથી અને તે તાજેતરની પ્રવૃત્તિ સાથે સંબંધિત નથી. તેથી તે લાક્ષણિક થાક જેવું નથી. તમે હળવા અથવા વધુ ગંભીર સ્ટ્રોક પછી સ્ટ્રોક પછી થાક અનુભવી શકો છો.

**શું સ્ટ્રોકના 24 કલાક પછી પુન:પ્રાપ્તિ(Recovery) શક્ય છે?**

**શું સ્ટ્રોકના 24 કલાક પછી વ્યક્તિ સંપૂર્ણપણે સ્વસ્થ થઈ શકે છે?**

જો સ્ટ્રોકની સારવાર 24 કલાકમાં કરવામાં ન આવે, તો સારવાર પ્રથમ 3-4 કલાક કરતાં ઘણી અલગ હશે અને પ્રારંભિક સારવાર કરતાં વધુ સમય લાગી શકે છે!!!

ઇસ્કેમિક સ્ટ્રોકની મુખ્ય સારવાર એ ટીશ્યુ પ્લાઝમિનોજેન એક્ટિવેટર (tPA) નામની દવા છે. તે લોહીના ગંઠાવાનું તોડી નાખે છે જે તમારા મગજમાં લોહીના પ્રવાહને અવરોધે છે. હેલ્થકેર પ્રદાતા તમારા હાથની નસમાં ટીપીએનું ઇન્જેક્શન કરશે. આ પ્રકારની દવા સ્ટ્રોકના લક્ષણો શરૂ થયાના 3 કલાકની અંદર આપવી જોઈએ. પરંતુ સ્ટ્રોક પછી મહિનાઓ અને વર્ષો સુધી પુન:પ્રાપ્તિ ચાલુ રહી શકે છે સ્ટ્રોક પછીના દર્દીઓ તેમના પુન:પ્રાપ્તિમાં બે મુખ્ય સમસ્યાઓ વિકસાવી શકે છે. સ્ટ્રોકની સૌથી સામાન્ય ગૂંચવણો છે મગજનો સોજો - સ્ટ્રોક પછી મગજનો સોજો. ન્યુમોનિયા - શ્વાસ લેવામાં તકલીફ પેદા કરે છે, જે ઘણી મોટી બીમારીઓની ગૂંચવણ છે.

પોસ્ટ-સ્ટ્રોક પછી પુનર્વસન હોસ્પિટલથી ઘરે સંક્રમણને સરળ બનાવવામાં મદદ કરે છે અને બીજા સ્ટ્રોકને રોકવામાં મદદ કરી શકે છે. સ્ટ્રોક પછી પુન:પ્રાપ્તિનો સમય દરેક માટે અલગ-અલગ હોય છે તેમાં અઠવાડિયા, મહિનાઓ અથવા વર્ષો પણ લાગી શકે છે. કેટલાક લોકો સંપૂર્ણ સ્વસ્થ થઈ જાય છે, પરંતુ અન્ય લોકો લાંબા ગાળાની અથવા આજીવન વિકલાંગતા વિકસાવી શકે છે. કારણ કે દરેક સ્ટ્રોક અલગ છે, એકમાંથી પુન:પ્રાપ્ત કરવા માટે કોઈ સેટ પેટર્ન નથી. સ્ટ્રોક પછીના દિવસો અને અઠવાડિયામાં ઝડપી પુન:પ્રાપ્તિ થાય છે. સદભાગ્યે, ઘરની ઉપચાર પદ્ધતિના ભાગ રૂપે સતત પગની કસરત અથવા હાથની કસરતો સ્ટ્રોકના દર્દીઓને તેમની પુન:પ્રાપ્તિ વધારવામાં મદદ કરી શકે છે. સ્ટ્રોક રિહેબિલિટેશન દરમિયાન સ્નાયુઓને મજબૂત બનાવવું એ પણ એક ધ્યેય છે જે બિનઉપયોગથી ઉદ્ભવતા સ્નાયુ કૃશતાનો સામનો કરવામાં મદદ કરે છે. કેટલાક દર્દીઓને આજીવન વિકલાંગતા હોઈ શકે છે, જ્યારે અન્ય સંપૂર્ણપણે સ્વસ્થ થઈ શકે છે. બધા દર્દીઓ માટે, તમારી સ્ટ્રોક પુન:પ્રાપ્તિ પ્રક્રિયામાં તમારા જીવનના ભૌતિક, સામાજિક અને ભાવનાત્મક પાસાઓમાં ફેરફાર કરવાનો સમાવેશ થાય છે. જીવનશૈલીના આ ફેરફારો વધારાના સ્ટ્રોકને રોકવામાં અને આજીવન પુન:પ્રાપ્તિને સરળ બનાવવામાં મદદ કરી શકે છે. યોગ્ય માત્રામાં પુનર્વસન સાથે, વ્યક્તિની વાણી, જ્ઞાનાત્મક, મોટર અને સંવેદનાત્મક કૌશલ્યો સતત પુન:પ્રાપ્ત થઈ શકે છે. જો કે માત્ર 10% લોકો સ્ટ્રોકમાંથી લગભગ સંપૂર્ણ રીતે સાજા થાય છે, 25%માં માત્ર નાની ક્ષતિઓ હોય છે અને 40% લોકોને મધ્યમ ક્ષતિઓ હોય છે જે અમુક વિશેષ કાળજી સાથે નિયંત્રિત કરી શકાય છે. સૌથી ઝડપી પુન:પ્રાપ્તિ (Recovery) સામાન્ય રીતે સ્ટ્રોક પછી પ્રથમ ત્રણથી ચાર મહિના દરમિયાન થાય છે, પરંતુ કેટલાક બચી ગયેલા લોકો તેમના સ્ટ્રોક પછી પ્રથમ અને બીજા વર્ષમાં સારી રીતે પુન:પ્રાપ્ત થવાનું ચાલુ રાખે છે.

**સ્ટ્રોક પછી મગજને સાજા કરવામાં શું મદદ કરે છે? શું મગજ સ્ટ્રોક પછી પોતાને સાજા કરી શકે છે?**

હા! સ્ટ્રોક રિહેબિલિટેશન દરમિયાન અત્યંત પુનરાવર્તિત કસરતો અને કાર્ય-વિશિષ્ટ તાલીમ પર ધ્યાન કેન્દ્રિત કરીને, બચી ગયેલા લોકો ન્યુરોપ્લાસ્ટીસીટીને સક્રિય કરી શકે છે અને સ્ટ્રોક પછી મગજને સ્વસ્થ કરવામાં મદદ કરી શકે છે. પુનરાવર્તિત કસરત દ્વારા ન્યુરોપ્લાસ્ટીસીટીને સક્રિય કરીને, મગજ ખોવાયેલા જોડાણોને સુધારવા માટે સક્ષમ છે. સ્ટ્રોકમાંથી સાજા થવું દરેક માટે અલગ છે, પરંતુ પ્રથમ 90 દિવસ એક મહત્વપૂર્ણ સમય છે. સ્ટ્રોક પછીના પ્રથમ થોડા મહિનાઓ દરમિયાન, દર્દીઓને મોટર, વાણી અને જ્ઞાનાત્મક કાર્યો, જીવનશૈલીમાં ફેરફાર અને લાંબા ગાળાની પુન:પ્રાપ્તિની શ્રેષ્ઠ તકો માટે માનસિક સ્વાસ્થ્ય સહાય પુન:પ્રાપ્ત કરવામાં મદદ કરવા માટે પુનર્વસનની (Rehabiliation-Physical Exercise) જરૂર છે.

સ્ટ્રોકથી મહત્વપૂર્ણ કાર્યોની કાયમી ખોટ થઈ શકે છે. સ્ટ્રોકની લાંબા ગાળાની અસરો મગજના કયા ભાગને અને કેટલું નુકસાન થયું તેના પર નિર્ભર કરે છે. સ્ટ્રોક પછી પ્રારંભિક સારવાર અને પુનર્વસન પુન:પ્રાપ્તિમાં સુધારો કરી શકે છે અને ઘણા લોકો પુન: કાર્ય પુન: પ્રાપ્ત કરે છે. 70-85% બચી ગયેલા લોકો તેમના પ્રથમ સ્ટ્રોક પછી હેમિપ્લેજિયા અનુભવે છે. આ એક આશ્ચર્યજનક આંકડા હોવા છતાં, સમર્પિત પુનર્વસન દ્વારા હેમિપ્લેજિયાથી અસરગ્રસ્ત બચી ગયેલા લોકો માટે કાર્યાત્મક પુન:પ્રાપ્તિ શક્ય છે. આ એટલા માટે છે કારણ કે મગજ પોતાને ફરીથી જોડવામાં અને ઈજામાંથી પાછા આવવા માટે સક્ષમ છે.

**અદ્યતન સ્ટ્રોક થેરાપી સારવાર**

સ્ટ્રોક માટે સ્ટેમ સેલ થેરાપીમાં સ્ટ્રોકની અસરોની સારવાર કરવા અને પુન:પ્રાપ્તિને પ્રોત્સાહન આપવા માટે સ્ટેમ સેલનો ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે. આ થેરાપીનો ઉદ્દેશ્ય ક્ષતિગ્રસ્ત મગજની પેશીઓને બદલવાનો અને ક્ષતિગ્રસ્ત મગજના કાર્યને પુન:સ્થાપિત કરવામાં મદદ કરવાનો છે. તાજેતરમાં, ઘણા મેડિકલ ટ્રાયલ્સ પછી ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ મધ્યમથી ગંભીર ઉપલા હાથપગની મોટર ખાધની સારવાર માટે વેગસ નર્વ સ્ટીમ્યુલેશનને મંજૂરી આપી છે - તે ઇસ્કેમિક સ્ટ્રોક પછી અનુભવાતી સૌથી સામાન્ય ખામીઓમાંની એક છે અને લાખો લોકોને જીવનભર અસર કરે છે. B વિટામિન્સ મગજના કાર્યમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, અને વિટામિન B સ્તર સ્ટ્રોક પછી કાર્યાત્મક પરિણામો સાથે સંકળાયેલ હોઈ શકે છે. તબીબી સંશોધન અભ્યાસો દર્શાવે છે કે સ્ટ્રોક પેથોલોજીમાં વિટામિન બી અને કોલીન અસરકારક રીતે કાર્યાત્મક સ્ટ્રોક પુન:પ્રાપ્તિને પ્રોત્સાહન આપે છે. સંશોધન અભ્યાસો દર્શાવે છે કે વિટામિન ડી, પ્રોબાયોટીક્સ, વિટામિન બી12, વિટામિન બી3 (નિયાસિન), ડીએચએ (ડોકોસાહેક્સેનોઇક એસિડ), કોએનઝાઇમ ક્યુ 10 (કોક્યુ 10) અને વિટામિન સી સ્ટ્રોક પુન:પ્રાપ્તિ માટે શ્રેષ્ઠ વિટામિન છે અને સલાહ મુજબ તબીબી દેખરેખ હેઠળ લેવા જોઈએ. ઘણા અભ્યાસો સૂચવે છે કે પૂરતા પ્રમાણમાં વિટામિન ડીનું સ્તર કાર્ડિયોવેસ્ક્યુલર સિસ્ટમના સુધારણા અને સ્ટ્રોકના જોખમમાં ઘટાડો સાથે સંકળાયેલું છે. ન્યુરોસ્ટેરોઇડ તરીકે, વિટામિન ડી મગજના વિકાસ અને કાર્ય અને ઇમ્યુનોમોડ્યુલેશનને પ્રભાવિત કરે છે અને મગજની ન્યુરોપ્લાસ્ટીટીને અસર કરે છે. વિટામીન B12 મગજ અને જ્ઞાનતંતુના સ્વાસ્થ્યને જાળવવા માટે એક નિર્ણાયક પોષક તત્વ છે અને સ્ટ્રોકના દર્દીઓને તેમની જ્ઞાનાત્મક ક્ષમતાઓને સુધારવામાં પણ મદદ કરી શકે છે. સ્ટ્રોક પછી યાદશક્તિમાં ઘટાડો ઘણા પરિબળો પર આધાર રાખે છે, પરંતુ રમતો, પુનરાવર્તન, કસરત અને મગજને પ્રોત્સાહન આપતો આહાર તમને પુન:પ્રાપ્ત કરવામાં મદદ કરી શકે છે. ક્રોસવર્ડ પઝલ, વર્ડ સર્ચ અને સુડોકુ જેવા બ્રેઇન ટીઝર એ સ્ટ્રોકના દર્દીઓ માટે મગજની કસરત કરવાની શ્રેષ્ઠ રીત છે. તેઓ માત્રાત્મક તર્ક, સમસ્યાનું નિરાકરણ અને વિશ્લેષણાત્મક વિચારસરણીના ઉપયોગને પ્રોત્સાહિત કરે છે. સ્ટ્રોક પછી, અમુક ખોરાક મર્યાદિત અથવા સંપૂર્ણપણે ટાળી શકાય છે કારણ કે તે સ્ટ્રોક પછી જોખમી હોઈ શકે છે. બિસ્કિટ, કેક, પેસ્ટ્રી, પાઈ, પ્રોસેસ્ડ મીટ, કોમર્શિયલ બર્ગર, પિઝા, તળેલા ખોરાક, બટાકાની ચિપ્સ, ક્રિસ્પ્સ અને અન્ય સ્વાદિષ્ટ નાસ્તા જેવા સંતૃપ્ત ચરબીવાળા ખોરાકને મર્યાદિત કરો. માખણ, ક્રીમ, રસોઈ માર્જરિન, નાળિયેર તેલ અને પામ તેલ જેવા મોટાભાગે સંતૃપ્ત ચરબી ધરાવતા ખોરાકને મર્યાદિત કરો. ફિશ ઓઈલ, રેસવેરાટ્રોલ, કેફીન, ફોસ્ફેટીડીલસેરીન, એસીટિલ-એલ કાર્નેટીન, જીંકગો બિલોબા, બેકોપા મોનીએરી, રોડિઓલા રોઝિયા ધરાવતા સપ્લીમેન્ટ્સનો દૈનિક દિનચર્યામાં સમાવેશ થવો જોઈએ કારણ કે તે મગજને સારી રીતે સાજા કરે છે, પોષણ આપે છે અને રિપેર કરે છે. ત્રણેય મહત્વપૂર્ણ વિટામિન્સ, B6, B9 અને B12 - મૂડથી લઈને સમજશક્તિ સુધી તંદુરસ્ત મગજના વિકાસ અને કાર્ય સાથે સંકળાયેલા છે. વિટામીન B1, B6 અને B12 ચેતા સ્વાસ્થ્ય માટે જરૂરી છે. આ વિટામિન્સ ચેતાના નુકસાનના ઉપચારમાં મદદ કરી શકે છે અને ચેતાના નુકસાનના લક્ષણો જેમ કે પમામાનહિડ (નિષ્ક્રિયતા) અને તુસોક-તુસોક (કળતર) થી રાહત આપે છે - તેથી જ તેમને 'ન્યુરોટ્રોપિક' વિટામિન કહેવામાં આવે છે તેથી પોસ્ટ-સ્ટ્રોક થેરાપીમાં સ્ટ્રોક પછી દૈનિક દિનચર્યામાં શામેલ થવું જોઈએ.



# બાબરામાં વડલીવાળી મેલડી માતાને ભગવાન નૃસિંહનો શણગાર કરાયો...

અધિકમાસ નિમિત્તે અમરેલી જિલ્લાના બાબરામાં વડલીવાળી મેલડી માતાજીના મંદિરે ભગવાન નૃસિંહનો શણગાર કરવામાં આવ્યો હતો. પૂનમના પાવન દિવસે માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા વિશેષ ભગવાન નૃસિંહનો અનુપમ શણગાર કર્યો હતો. જેના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મંદિર ખાતે ઉમટી પડ્યા હતા. મેલડી માતાજી અને ભગવાન નૃસિંહના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને બધાની સુખાકારી માટે ભક્તોએ પ્રાર્થના કરી હતી.

# બાઢડા ગામે ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના હસ્તે રૂ. ૪૨ લાખના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું







બાઢડા ગામે વિકાસને નવી દિશા તળાવ ખાતમુહૂર્ત અને નવા કોઝવેનું લોકાર્પણ કરવામાં આવ્યું

બાઢડા ગામતળ અને સીમતળમાં પાણીની કાયમી શાંતિ માટે લગભગ ૨૫ વીઘામાં બનશે તળાવ

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે લોકપ્રિય ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા ના હસ્તે કુલ રૂ. ૪૨ લાખના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે બાઢડા ગામે વોરાધાર પાસે રૂ. ૩૯ લાખના ખર્ચે બનનાર તળાવના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઉપરાંત રસુલભાઈની વાડી પાસે રૂ. ૩ લાખના ખર્ચે નિર્માણ પામેલ નવા કોઝવેનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગામડાંના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને પાણી સંગ્રહ, માર્ગ સુવિધા તથા ગ્રામ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે સતત આયોજનબદ્ધ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આ વિકાસ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખશ્રી, તાલુકા પંચાયત સદસ્યશ્રીઓ, જિલ્લા પંચાયત સદસ્યશ્રીઓ, તાલુકા ભાજપ સંગઠન શક્તિ કેન્દ્રના સંયોજકો તથા સહ-સંયોજકો, હોદ્દેદારશ્રીઓ, સહકારી આગેવાનશ્રીઓ, ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# “સ્વચ્છ સાવરકુંડલા, વિકસિત સાવરકુંડલા” નગરપાલિકા અધ્યક્ષનો નવો અભિગમ

## સર્વ પક્ષીય બેઠકમાં સ્વચ્છતા, વિકાસ અને કર્મચારીઓની જવાબદારી અંગે મહત્વપૂર્ણ નિર્ણયો

સાવરકુંડલા શહેરને વધુ સ્વચ્છ, સુંદર અને સુવિધાસભર બનાવવા માટે સાવરકુંડલા નગરપાલિકાના અધ્યક્ષશ્રી નયનાબેન કાપડિયાના અધ્યક્ષતામાં સર્વ પક્ષીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના વિકાસને રાજકીય મતભેદોથી ઉપર રાખી સૌના સહયોગથી આગળ વધારવાના હેતુથી યોજાયેલી નગરપાલિકા અધ્યક્ષશ્રી નયનાબેન કાપડિયાએ જણાવ્યું હતું કે શહેરના વિકાસ, સ્વચ્છતા અને સુશાસન માટે સૌનો સહકાર જરૂરી છે. નાગરિકોને વધુ સારી અને ઝડપી સેવાઓ મળે તે માટે નગરપાલિકા પ્રતિબદ્ધ છે અને જનહિતના દરેક મુદ્દે પારદર્શક તથા પરિણામલક્ષી કામગીરી કરવામાં આવશે.

આ બેઠક દરમિયાન શહેરની સ્વચ્છતા વ્યવસ્થા, વિકાસના કાર્યો, રસ્તાઓ, ગટર, સ્ટ્રીટલાઇટ, પીવાના પાણી સહિતની નાગરિક સુવિધાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. શહેરના વિવિધ વિસ્તારોમાં ચાલતા અને આગામી વિકાસ કાર્યોને વધુ ગતિ આપવા માટે પણ સૂચનો અને મંતવ્યો રજૂ કરવામાં આવ્યા હતા.

સ્વચ્છતા મુદ્દે સર્વ પક્ષીય બેઠકમાં એક જ સુર જોવા મળ્યો હતો. શહેરને સ્વચ્છ અને આરોગ્યપ્રદ બનાવવા માટે નિયમિત સફાઈ, કચરાના યોગ્ય નિકાલ અને જનજાગૃતિ અભિયાનને વધુ અસરકારક બનાવવાની જરૂરિયાત ઉપર સૌએ ભાર મૂક્યો હતો. "સ્વચ્છ સાવરકુંડલા" માત્ર એક અભિયાન નહીં પરંતુ શહેરની ઓળખ બનવી જોઈએ તેવો મત વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં નગરપાલિકાના કર્મચારીઓની કામગીરી અને જવાબદારી અંગે પણ ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. નાગરિકોના પ્રશ્નોનો સમયસર નિકાલ થાય, કચેરીઓમાં નિયમિત હાજરી રહે અને દરેક કર્મચારી પોતાની ફરજ પ્રત્યે સંપૂર્ણ જવાબદારી સાથે કાર્ય કરે તે બાબતે સર્વાનુમતે ભાર મૂકવામાં આવ્યો હતો.

ખાસ કરીને વારંવાર બેદરકારી દાખવતા, ફરજ પ્રત્યે ઉદાસીનતા રાખતા તથા જાહેર હિતના કામોમાં વિલંબ સર્જતા કર્મચારીઓ સામે કડક વલણ અપનાવવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી.

આ બેઠકમાં સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે જનહિતના કાર્યોમાં અવરોધરૂપ બનતા બેદરકાર અને



બેજવાબદાર કર્મચારીઓ સામે તાત્કાલિક અને નિયમસર કાર્યવાહી કરવામાં આવે તથા જરૂરી હોય ત્યાં આવા કર્મચારીઓને સેવામાંથી દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે. સાથે જ નિષ્ઠાપૂર્વક અને પ્રામાણિકતાથી કામગીરી કરનારા કર્મચારીઓને પ્રોત્સાહન આપવાની બાબત પણ ચર્ચાઈ હતી.

આ સર્વ પક્ષીય બેઠક દ્વારા સાવરકુંડલાના વિકાસ માટે એકતા, સહમતી અને સંકલનનો સકારાત્મક સંદેશ પ્રસરી રહ્યો છે. શહેરના હિતને સર્વોપરી રાખી લેવામાં આવેલા નિર્ણયો આગામી સમયમાં સાવરકુંડલાને વધુ સ્વચ્છ, સુવ્યવસ્થિત અને વિકસિત શહેર બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. આ બેઠકમાં વિવિધ રાજકીય પક્ષોના આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, નગરપાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ સંકલ્પ સાથે બેઠકનું સફળ સમાપન થયું હતું.

# સુરત શહેર આચાર્ય સંઘ દ્વારા યોજાયુ 16040 ફીટ ઊંચાઈએ બારાલાચા અને મનાલી એડવેન્ચર ટ્રેકિંગ





“રોકઝોન એડવેન્ચર" મનાલીના ઓનર શ્રી દિપકભાઈ ગોહિલના સંપૂર્ણ સૌજન્યથી સુરત શહેર આચાર્ય સંઘ દ્વારા તારીખ 23મી મે થી 1લી જુન દરમિયાન 10 દિવસીય ખૂબ જ સાહસિક પ્રવૃત્તિના ભાગરૂપે 16040 ફીટ ઊંચાઈએ આવેલ "બારાલાચા," રોહતાંગ પાસ અને મનાલી એડવેન્ચર ટ્રેકિંગનું અનોખુ આયોજન કરવામાં આવ્યું. જેમાં આચાર્ય સંઘના પ્રમુખ શ્રી કિશોરકુમાર જાની, સુરત શાળા સંચાલક મંડળના અગ્રણીઓ શ્રી જગદીશભાઈ ચાવડા, શ્રી દિપકભાઈ રાજ્યગુરુ, શ્રી સવજીભાઈ પટેલ, શ્રી મયંકભાઈ પટેલ, ઉપરાંત આચાર્ય સંઘના હોદ્દેદારો શ્રી હિતેશભાઈ ભટ્ટ, શ્રી રાકેશભાઈ પટેલ, ડો. હિમાંશુભાઈ પારેખ, શ્રીમતી સુચિતાબેન પટેલ, શ્રી અનંતભાઈ નાયક, શ્રી કિશોરભાઈ પ્રજાપતિ વગેરે આચાર્યો ઉત્સાહભેર જોડાયા. આ એડવેન્ચર ટ્રેકિંગ ટ્રીપમાં અજમેર, પુષ્કર, બ્રહ્મ મંદિર, દિલ્હી, ચંદીગઢ થઈને મનાલી ખાતે બિયાસ નદીના કિનારે અત્યંત કુદરતી સૌંદર્યથી ભરપૂર રોકઝોન એડવેન્ચર કેમ્પ સાઈટમાં નિવાસ કરીને વશિષ્ઠ કુંડ, જોગણી વોટરફોલ, મનુ ટેમ્પલ, હિડિંબા ટેમ્પલ, સોલાંગ વેલી, રોહતાંગ પાસ, અટલ ટર્નલ, બારાલાચા, જીપ્સા, કિલોંગ, કોક્સર, કૌશલ ભૂમિ, મહર્ષિ વ્યાસ ટેમ્પલ, મહર્ષિ ગૌતમ ટેમ્પલ, નહેરુ કુંડ, કાલા પથ્થર, ભૃગુલેક વગેરે સ્થાન પર એડવેન્ચર ટ્રેકિંગ કર્યું. શાળા સંચાલકો અને આચાર્યોની આ અનોખી સાહસિકતાને બિરદાવી સર્વોને ઓમ ગારમેન્ટના શ્રી પ્રતિકભાઈએ ટ્રેક અને ટીશર્ટ તથા મણીલાલ સ્ટોરના શ્રી અનિશભાઈએ ટીશર્ટનું સૌજન્ય આપી પોતાનો સદભાવ વ્યક્ત કરેલ છે. સુરત અને ગુજરાત ભરના સમગ્ર શિક્ષણ જગત દ્વારા સુરત શહેર આચાર્ય સંઘની આ સાહસિક પ્રવૃત્તિની પ્રશંસા કરી ચોમેરથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.